| GJPM010026752023 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૨૪ | ૦૮ | ૨૦૨૩ |
| | નોધણી તારીખ | ૨૪ | ૦૮ | ૨૦૨૩ |
| | ફેસલ તારીખ | ૨૭ | ૧૧ | ૨૦૨૪ |
| | | દિવસ | માસ | વર્ષ |
| | **સમય ગાળો** | **૦૩** | **૦૩** | **૦૧** |

**આંક–**

**FORM-A**

**<u>પંચમહાલ જીલ્લાનાં મહેરબાન પાંચમાં એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ગોધરા. જી.પંચમહાલ.</u>**

**(શ્રી.પી.એ.માલવીયા,એડીશનલ સેશન્સ જજ)**

**ચુકાદાની તા.૨૭/૧૧/૨૦૨૪**

**સેશનસ કેસ નંબર–૧૬૪/૨૦૨૩**

(વેજલપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૦૭૦૭૬૨૩૦૨૩૬/૨૦૨૩)

| | |
|---|---|
| ફરીયાદી. | **સરકારશ્રી** |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ. |
| આરોપીઓ | **૧. અશ્વીનભાઈ ઉર્ફે ભગો ભારતભાઈ સોલંકી,**<br>**૨. જયદિપસિંહ જશવંતસિંહ રાઠોડ,**<br>બંને રહે. રાયસીંગ ફળીયુ, બળીયા દેવ ફળીયુ, ગોધરા,પંચમહાલ. |
| REPRESENTED BY | નં.૧ શ્રી. આઈ.એ.ખાતુડા.<br>નં.૨ શ્રી.વી.ડી.વણકર. |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૦૬/૦૫/૨૦૨૩ |
| FIR ની તારીખ | ૦૮/૦૫/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ. | ૦૪/૦૮/૨૦૨૩ |
| ચાર્જ ફ્રેમની તારીખ. | ૨૦/૧૨/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૧૪/૦૨/૨૦૨૪ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | ૧૯/૧૧/૨૦૨૪ |
| ચુકાદાની તારીખ. | ૨૭/૧૧/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | – |

**<u>આરોપીની માહીતી.</u>**

| આરોપીની રેન્ક. | આરોપીનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 428, Cr.PC ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અશ્વીનભાઈ ઉર્ફે ભગો ભારતભાઈ સોલંકી, | ૧૨/૫/૨૩ | યુ.ટી.પી. | ઈ.પી.કો. ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ –૧૩૫ મુજબ. | નિર્દોષ | – | – |
| ૨. | જયદિપસિંહ જશવંતસિંહ રાઠોડ, | ૧૧/૫/૨૩ | યુ.ટી.પી. | | '' | '' | '' |

## –: ચુકાદો :–

૧. આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો પોલીસ રીપોર્ટ, તપાસ કરનાર અધિકારી દ્વારા વેજલપુર પો.સ્ટે.ના ગુના રજી.નં. રજી.નં.૧૧૨૦૭૦૭૬૨૩૦૨૩૬/૨૦૨૩ ના સંદર્ભે,

સંબંધીત વિધ્વાન ચોથા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી, ગોધરા સમક્ષ રજુ કરતા સદરહુ કેસ ક્રિ.કે.નં.૪૨૫૯/૨૦૨૩ થી નોધાયેલ અને ત્યારબાદ સંબંધીત અદાલત ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ ની જોગવાઈ મુજબ સદરહુ કેસ મહે.સેશન્સ જજ,ગોધરા,પંચમહાલ નાઓ તરફ તા.૨૩/૮/૨૦૨૩ ના રોજ કમીટ કરેલ. જેને સે.કે.નં.૧૬૪/૨૦૨૩ થી નોધવામાં આવેલ. ત્યાર બાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૪ મુજબ અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. આમ, હાલના કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શીક્ષા પાત્ર ગુનામાં હાલમાં આરોપીઓ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય સદર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામે મરણજનાર સાહેદ રમેશભાઈ દિનેશભાઈ મેવલના સાઢુ કાંતીલાલ સબુરભાઈના ફોન ઉપર કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકર અશ્વીનભાઈ સોલંકીનો અવાર નવાર ફોન કરીને તેઓની છોકરીને હેરાન કરતો હોય અને છોકરીના પિતાનો ફોન કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકર અશ્વીનભાઈ ઉપાડતો ના હોય જેથી છોકરીના પિતાએ મરણજનારના ફોનથી સદરહુ ફોન ઉપર સંપર્ક કરતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકરની ઓળખ થઈ જતાં આરોપી નં.૧ થી ૩ નાએ મરણજનારને વાંરવાર ફોન કરી ચારેક દિવસથી વારેઘડીએ ગાળો બોલતા હોય જેથી મરણજનાર સાહેદે ફોનમાં કહેલ કે એક તો તમે મારા સાઢુની છોકરીને હેરાન કરો છો અને પાછા મને વાંક વગર ગાળો બોલો છો મારો કોઈ વાંક હોય તો હુ તમને પગે લાગુ છુ પણ મને ફોનમાં ગાળો ના દેતા તેવુ ફોનમાં કહેવા છતાં આરોપી નં.૧ થી ૩ નાઓ કહેતા હતા કે તને અમે મારીશુ જે બાબતેની દાઝ રાખી આરોપી નં.૧ થી ૩ નાએ તા.૬/૫/૨૦૨૩ કલાક ૧૮.૩૦ વાગે મોજે ફરીયાદીના ઘર પાસેના કોઢીયા સામે રોડની કીનારી ઉપર જાહેરમાં હાથમાં લાકડાના જાડા દંડા લઈ ફરીયાદીના ઘર પાસે રોડ ઉપર આવી રમેશ કયાં છે તેને મારવો છે તેમ બોલી ગાળો બોલવા લાગેલ જેથી મરણ જનાર સાહેદ રમેશભાઈ અંપગ

હોય જીવ બચાવવા સારુ ભેંસોના કોઢીયામા ઘુસવા સારુ ભાગેલ ત્યારે આરોપીઓએ કોઢીયા સામે રોડની કીનારી ઉપર મરણ જનાર સાહેદને લાકડાના દંડાથી માર મારી પાડી દીધેલ અને આડેધડ લાકડાના દંડાથી તથા ગડદાપાટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ કરી એક બીજાની મદદગારી કરેલ અને મરણજનારના સારવાર દરમ્યાન ગોધરા સીવીલ હોસ્પીટલમા મોત નિપજેલ આ રીતે અધિક જીલ્લા મેજી.શ્રીનું હથીયાર બંધીનુ જાહેરનામુ અમલમા હોવા છતાં આરોપીઓએ લાકડાનાં દંડા જેવા મારક હથીયાર ધારણ કરી આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ –૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે.

**પોલીસ કાર્યવાહી :–**

**૩.** આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુન્હાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪, તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનો પુરતો પુરાવો મળી આવતા, આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુના અંગે ગોધરાના વિ. ચોથા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રી, સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી કેસ નં.૪૨૫૯/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**કોર્ટ કાર્યવાહી :–**

**૪.** આરોપીઓ વિરુધ્ધના ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોઈ, ગોધરાનાં વિ. ચોથા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપી ઓને વિના મૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તા.૨૩/૮/૨૦૨૩ ના હુકમથી ગોધરા સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૧૬૪/૨૦૨૩ થી તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટને સુપ્રત કરવામાં આવેલ છે.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૬ મુજબ હાલનો કેસ ઓપન કરવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીની રજુઆતોને ધ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ –૧૩૫ મુજબના ગુના સબબ તહોમતનામુ ફરમાવવા માટે પુરતા કારણો જણાતા હોય ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮(૧)(બી)અન્વયે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ આંક–૦૮ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓને વાંચી, સંભળાવી, અનુક્રમે આંક–૦૯, ૧૦ થી ક્રિ.પ્રો. કોડની કલમ–૨૨૮(૨) મુજબ તેઓનુ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં પ્રત્યેક આરોપીએ તેમને ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે તેમના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :–**

**૫.** ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ શંકાથી પર રીતે નિ:શંકપણે પુરવાર કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

FORM-C

**<u>પ્રોસિકયુશન/ડિફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.</u>**

**A. પ્રોસિકયુશન :**

| રેન્ક | આંક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | 12 | હિતેન્દ્રસિંહ ભગવાનસિંહ સોલંકી. | પંચ સાક્ષી. |
| PW-2 | 26 | રણજીતસિંહ લક્ષ્મણ સિંહ ચૌહાણ. | પંચ સાક્ષી. |
| PW-3 | 27 | મહેન્દ્રસિંહ રમણભાઈ મેવલ. | પંચ સાક્ષી. |

| | | | |
|---|---|---|---|
| PW-4 | 29 | અરવિંદભાઈ સામતસિંહ મેવલ. | પંચ સાક્ષી. |
| PW-5 | 30 | યોગેશકુમાર પ્રવિણ સિંહ રાઠોડ. | પંચ સાક્ષી. |
| PW-6 | 34 | અલ્પેશભાઈ મનહરભાઈ રાઠોડ. | પંચ સાક્ષી. |
| PW-7 | 36 | ડો.રીધ્ધીબેન જયેશકુમાર પટેલ. | તબીબી સાક્ષી. |
| PW-8 | 40 | રમેશસિંહ અર્જુનસિંહ સોલંકી. | પંચ સાક્ષી. |
| PW-9 | 41 | શારદાબેન દીનેશભાઈ મેવલ. | ફરીયાદી. |
| PW-10 | 43 | ડો.મોહંમદઆશીક વાહીદનુર ખાન. | તબીબી સાક્ષી. |
| PW-11 | 47 | કીરીટભાઈ દીનેશભાઈ મેવલ. | અન્ય સાક્ષી. |
| PW-12 | 48 | બીપીનભાઈ વિક્રમભાઈ મેવલ. | અન્ય સાક્ષી. |
| PW-13 | 52 | સપનાબેન રમેશભાઈ મેવલ. | અન્ય સાક્ષી. |
| PW-14 | 54 | નરવતસિંહ વખતસિંહ મેવલ. | અન્ય સાક્ષી. |
| PW-15 | 55 | ભારતસિંહ વખતસિંહ મેવલ. | અન્ય સાક્ષી. |
| PW-16 | 56 | કાંતીભાઈ સબુરભાઈ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-17 | 57 | લીલાબેન કાંતીભાઈ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-18 | 58 | સંગીતાબેન કાંતીભાઈ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-19 | 62 | રાજેન્દ્રસિંહ રઘુવીરસિંહ ગોહીલ. | પોલીસ સાક્ષી.(ત.ક.અ.) |

## પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.

### A. પ્રોસિકયુશન :

| અનુ.નંબર | આંક | વિગત. |
|---|---|---|
| 1. | 13 | ગુનાવાળી જગ્યાનું પંચનામુ, |
| 2. | 14 | આરોપી અશ્વીનનુ શરીર સ્થિતિનું પંચનામુ, |
| 3. | 15 | આરોપી જયદિપનું શરીર સ્થિતિનું પંચનામુ, |
| 4. | 16 | પેઈન ડ્રાઈવ કબજે કર્યાનું પંચનામુ. |
| 5. | 17 to 21 | પંચોની સહીવાળી કાપલીઓ. |

| | | |
|---|---|---|
| 6. | 22,to 25 | પંચોની સહીવાળી કાપલીઓ. |
| 7. | 28 | ઈન્કવેસ્ટ પંચનામુ. |
| 8. | 31,32,33 | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામુ તથા પંચોની સહીવાળી કાપલીઓ. |
| 9. | 37 | પી.એમ.નોટ. |
| 10. | 38 | કોઝ ઓફ ડેથ સર્ટી. |
| 11. | 39 | પી.એમ.નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટી.ની ચાદી. |
| 12. | 42 | ફરીચાદ. |
| 13. | 44 | રમેશભાઈનુ એમ.એલ.સી.સર્ટી. |
| 14. | 53 | સાહેદની જુબાની દરમ્યાન સાંકેતીક ભાષમાં શિક્ષક ધ્વારા સમજણ આપતો દસ્તાવેજ. |
| 15. | 63,63,65 | સુચીપત્ર, આરોપી સંકેત અશ્વીનનુ ઈન્જરી સર્ટી., એફ.એસ.એલ.વડોદરાને મુદ્દામાલ મળ્યાની અસલ પહોંચ. |
| 16. | 66 | રવાનગી નોંધ. |
| 17. | 67 | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| 18. | 68 | ગુનાવાળી જગ્યાનો નકશો મેળવવા માટેની ચાદી. |
| 19. | 69 | ગુનાવાળી જગ્યાનો નકશો. |
| 20. | 70 | જાહેરનામાની નકલ. |
| 21. | 71 to 75 | ભારે ગુનાનો સ્પેશચલ રીપોર્ટ,મોબાઈલ ઈન્વે.વાનને સ્થળ પર પધારવા કરેલ મેસેજ, ઈન્કવેસ્ટ ભરવા કરેલ મેસેજ, મરણોતર ફોર્મ, લાશ સંભાળ્યાની પહોચ. |
| 22. | 76 to 80 | લાશ સોપ્યાની પાવતી, કોલ ડીટેઈલ મેળવવા નોડલ ઓફીસરને લખેલ ચાદી, બહેરા મુંગા શાળા ગોધરાના પ્રિન્સીપાલને મુકબધીર સાક્ષીનુ ભાષંતર નિવેદન લેવા બાબતની ચાદી, કેસ હીસ્ટ્રી બાબતેની ચાદી. |
| 23. | 81 to 85 | નકશો મોકલી આપવાની ચાદી, પી.એન.નોટ બાબતની ચાદી, એસ.એસ.જી. હોસ્પીટલ વડોદરાને જરૂરી માહીતી |

| | | |
|---|---|---|
| | | માટેની યાદી તેમજ સારવાર સર્ટી.ની યાદી,ડી.ડી.લેવા માટેની યાદી, એફ.એસ.એલ.વડોદરાનો મુદ્દામાલ પરીક્ષણ બાબતનો પત્ર. |
| 24. | 86,87 | બાયોલોજી અહેવાલ તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ. |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**B. બચાવપક્ષ :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1 | આંક___D-1 -- | -- |

**C. કોર્ટથી આંક :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1. આંક___C-1/CW 1 | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેક્ટસ નંબર | વિગત |
|---|---|---|
| 1. | 1 | પોપડાવાળી માટી. |
| 2. | 2 | કંટ્રોલ સેમ્પલવાળી માટી. |
| 3. | 3 | તુટેલા લાકડાનો હાથો. |
| 4. | 4 | નીકર(ચડ્ડી) |
| 5. | 5 | પેન્ટ. |
| 6. | 6 | શર્ટ. |
| 7. | 7 | પેન્ટ. |
| 8. | 8 | લાકડાનો હાથો. |
| 9. | 9 | શર્ટ. |
| 10. | 10 | જીન્સ પેન્ટ. |
| 11. | 11 | લાકડાનો હાથો. |
| 12. | 12 | ટી શર્ટની બાયો. |
| 13. | 13 | પેન્ટ. |
| 14. | 14 | હાથ રૂમાલ. |

**૬.** ફરિયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ અને તેઓનો પુરાવો આંક–૮૮ થી રજુ થયેલ પુરાવાબંધની પુરસીસ આધારે પુરાવો બંધ કરી, સદરહું કેસમાં આરોપીઓનુ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનુ નિવેદન નોધવા માટે રાખવામાં આવેલ. જેમા આરોપીઓ સામે પડેલ પુરાવો તેઓની સમક્ષ મુકવામાં આવેલ જે સંદર્ભે પ્રત્યેક આરોપીએ પોતે કોઈ સાક્ષીને તપાસવા માંગતા નથી કે પોતાનો મૌખીક પુરાવો આપવા માંગતા નથી તેમ જણાવીને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદમાં જણાવેલ કોઈ ગુનો કરેલ નથી માત્ર શંકાના આધારે સંડોવણી કરેલ હોય નિર્દોષ હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. આમ, આરોપીઓ તરફે તેઓના બચાવમાં કોઈ સાક્ષીઓ તપાસવા નથી એમ જાહેર કરતાં,

તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ અને સદરહું કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફેની દલીલ :–**

**૭.** ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૪ મુજબ આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ નાઓએ તેમની મૌખીક દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ તહોમતનામા અનુસંધાને મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા તે મુજબનુ કૃત્ય બન્યાનું આરોપીઓ સામે પુરવાર કરેલ હોય તેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવાની રજુઆત કરી રહયા છે.

**બચાવપક્ષ તરફેની દલીલ :–**

૮. આ કામે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.આઈ.એ.ખાતુડા ધ્વારા આંક–૮૯ થી લેખીત દલીલો રજુ કરેલ છે જે ધ્યાને તથા વંચાણે લેવામાં આવેલ છે. તેમજ તેઓ ધ્વારા લેખીત દલીલ અનુસંધાને મૌખીક દલીલ પણ કરવામાં આવેલ છે.

૯. આમ, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો તથા રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તથા વંચાણે લેતા સદરહુ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા :–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર રમેશભાઈ દિનેશભાઈ મેવલનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હોવાનુ પુરવાર કરે છે ? |
| ૨. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરણજનાર સાહેદ રમેશભાઈ દિનેશભાઈ મેવલના સાઢુ કાંતીલાલ સબુરભાઈની છોકરી ફોન ઉપર કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકર અશ્વીનભાઈ સોલંકીનો અવાર નવાર ફોન કરીને તેઓની છોકરીને હેરાન કરતો હોય અને છોકરીના પિતાનો ફોન કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકર અશ્વીનભાઈ ઉપાડતો ના હોય જેથી છોકરીના પિતાએ મરણજનારના ફોનથી સદરહુ ફોન ઉપર સંપર્ક કરતા |

| | |
|---|---|
| | કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકરની ઓળખ થઈ જતાં આરોપી નં.૧ થી ૩ નાએ મરણજનારને વાંરવાર ફોન કરી ચારેક દિવસથી વારેઘડીએ ગાળો બોલતા હોય જેથી મરણજનાર સાહેદે ફોનમાં કહેલ કે એક તો તમે મારા સાઢુની છોકરીને હેરાન કરો છો અને પાછા મને વાંક વગર ગાળો બોલો છો મારો કોઈ વાંક હોય તો હુ તમને પગે લાગુ છુ પણ મને ફોનમાં ગાળો ના દેતા તેવુ ફોનમાં કહેવા છતાં આરોપી નં.૧ થી ૩ નાઓ કહેતા હતા કે તને અમે મારીશુ જે બાબતેની દાઝ રાખી આરોપીઓએ તા.૬/૫/૨૦૨૩ કલાક ૧૮.૩૦ વાગે ફરીયાદીના ઘર પાસેના કોઢીયા સામે રોડની કીનારી ઉપર જાહેરમાં હાથમાં લાકડાના જાડા નાના દંડા લઈ ફરીયાદીના ઘર પાસે રોડ ઉપર આવી રમેશ કયાં છે તેને મારવો છે તેમ બોલી ગાળો બોલવા લાગેલ જેથી મરણ જનાર સાહેદ રમેશભાઈ અંપગ હોય જીવ બચાવવા સારુ ભેંસોના કોઢીયામા ઘુસવા સારુ ભાગેલ ત્યારે આરોપીઓએ કોઢીયા સામે રોડની કીનારી ઉપર મરણ જનાર સાહેદને લાકડાના દંડાથી માર મારી પાડી દીધેલ અને આડેધડ લાકડાના દંડાથી તથા ગડદાપાટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ કરી એક બીજાની મદદગારી કરેલ અને તેથી મરણજનારનુ સારવાર દરમ્યાન ગોધરા સીવીલ હોસ્પીટલમા મોત નિપજેલ અને તેમ કરીને આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલો છે ? |
| **૩.** | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ઓએ બનાવ તારીખ, સમયે અને સ્થળે હથીયારબંધીનુ જાહેરનામુ અમલમા હતુ અને તે આરોપીઓ જાણતા હોવા છતાં લાકડાના દંડા ધારણ કરી તે જાહેરનામાનો ભંગ કરી જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલો છે ? |
| **૪.** | શું હુકમ ? |

**૧૦.** ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૧.** | હકારમાં. |
| **૨.** | નકારમાં. |
| **૩.** | નકારમાં. |
| **૪.** | આખરી હુકમ મુજબ. |

**નિર્ણય અંગેના કારણો :**

**૧૧.** આ કામના આરોપીઓ સામે હાલનો સેશન્સ કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકાર છે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુધ્ધનુ અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ''(૧૯૭૩)(૨)એસસીસી પાન નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાનાં મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરુરી છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે ત્યાર બાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી

ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

**મુદ્દા નં. ૧ થી ૪ :–**

હવે ઉપરોકત કાયદાના સિધ્ધાંત નજર સમક્ષ રાખીને ચર્ચા કરવામાં આવે તો આ કામમાં ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪ ની હકીકતો એક બીજા સાથે પુરાવાકીય રીતે સંકળાયેલ હોય જેથી તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે પુર્નાવર્તન નિવારવાના હેતુસર કરવામાં આવે છે.

**૧૨.** હવે આ કામમાં ફરીયાદપક્ષનો જે કેસ છે તે મુજબ આરોપીઓ સામેનો જે મુખ્ય આક્ષેપ તે સાબીત કરવા માટે નીચે મુજબની હકીકતો ફરીયાદપક્ષે પુરવાર કરવાની થાય છે.

- મરણજનાર સાહેદ રમેશભાઈ દિનેશભાઈ મેવલના સાઢુ કાંતીલાલ સબુરભાઈની છોકરીને ફોન ઉપર કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકર અશ્વીનભાઈ સોલંકીનો અવાર નવાર ફોન કરીને તેઓની છોકરીને હેરાન કરતો હતો.

- છોકરીના પિતાનો ફોન કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકર અશ્વીનભાઈ ઉપાડતો ના હોય જેથી છોકરીના પિતાએ મરણજનારના ફોનથી સદરહુ ફોન ઉપર સંપર્ક કરેલ છે.

- ફોન ઉપર કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર ઉર્ફે શંકરની ઓળખ થઈ જતાં આ કામના બંને આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી સંકેતકુમાર નાએ મરણજનારને વાંરવાર ફોન કરી ચારેક દિવસથી વારેઘડીએ ગાળો બોલતા હતા.

- જેથી મરણજનાર સાહેદે ફોનમાં કહેલ કે એક તો તમે મારા સાઢુની છોકરીને હેરાન કરો છો અને પાછા મને વાંક વગર ગાળો બોલો છો મારો કોઈ વાંક હોય તો હુ તમને પગે લાગુ છુ પણ મને ફોનમાં ગાળો ના દેતા તેવુ ફોનમાં કહેલ છે.

- ફોનમા કહેવા છતાં ત્રણેય આરોપી નાઓ કહેતા હતા કે તને અમે મારીશુ જે બાબતેની દાઝ રાખેલ છે.

- આરોપીઓએ તા.૬/૫/૨૦૨૩ કલાક ૧૮.૩૦ વાગે ફરીયાદીના ઘર પાસેના કોઢીયા સામે રોડની કીનારી ઉપર જાહેરમાં હાથમાં લાકડાના જાડા નાના દંડા લઈ ફરીયાદીના ઘર પાસે રોડ ઉપર આવી રમેશ કયાં છે તેને મારવો છે તેમ બોલી ગાળો બોલવા લાગેલા.

- જેથી મરણ જનાર સાહેદ રમેશભાઈ અંપગ હોય જીવ બચાવવા સારુ ભેંસોના કોઢીયામા ઘુસવા સારુ ભાગેલ છે.

- ત્યારે આરોપીઓએ કોઢીયા સામે રોડની કીનારી ઉપર મરણજનાર સાહેદને લાકડાના દંડાથી મારમારી પાડી દીધેલ અને આડેધડ લાકડાના દંડાથી તથા ગડદાપાટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ કરી એક બીજાની મદદગારી કરેલ છે.

- મરણજનારનુ સારવાર દરમ્યાન ગોધરા સીવીલ હોસ્પીટલમા આરોપીઓએ માર મારેલ હોય જેથી તેનુ મોત નિપજેલ.

- આમ, આરોપીઓએ ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબનો ગુનો કરેલો છે.

- આરોપીઓએ બનાવ તારીખ, સમયે અને સ્થળે હથીયારબંધીનુ જાહેરનામુ અમલમાં હતુ અને તે આરોપીઓ જાણતા હોવા છતાં લાકડાનો દંડો ધારણ કરી તે જાહેરનામાનો ભંગ કરેલ છે.

- આ કામમાં અગાઉ ચાર આરોપીઓ સામે ફરીયાદ આપેલ હતી પરંતુ જે ચોથા આરોપી હતા તે સ્થળ ઉપર હાજર ન હતા અને તે અંગેના પુરાવામાં તપાસમાં મળતા તે ચોથા આરોપી પુરતો તપાસ કરનાર અમલદારે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૯ મુજબ રીપોર્ટ કરેલ છે.

**૧૩.** ત્યારે આ તબકકે ઈ.પી.કો.ની કલમ–૩૦૦ ની જોગવાઈમાં જે સાપરાધ મનુષ્ય વધ કે જે ખુન ગણાય અને જે ખુન ન ગણાય તે અંગે પ્રાથમીક કાયદાકીય ચર્ચા કરવાની થાય છે. આરોપીઓ સામે ખુનનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નિ:શંકપણે નીચે મુજબની હકીકત પુરવાર કરવાની થાય છે.

૧. સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય,

૨. આરોપીએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યુ હોય,

૩. જે કારણે ભોગબનનારનુ મૃત્યુ નિપજયુ હોય,

૪. આરોપીએ કરેલ કૃત્ય–

– મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કર્યું હોય,

અથવા

– આરોપીને જ્ઞાન હોય કે જે વ્યક્તિને શારીરિક હાનિ પહોંચી છે તેનું મૃત્યુ નિપજવા સંભવ છે તથા તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય,

અથવા

– શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યું હોય તથા જે ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હોય,

અથવા

– કૃત્ય કરનાર વ્યક્તિને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીન એવું ભયજનક છે કે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નિપજે અથવા તેવી શારીરિક ઈજાના કારણે મૃત્યુ નિપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટેનું જોખમ લેવા માટેના કોઈ જ કારણ વગર કૃત્ય કરવામાં આવ્યું હોય.

૫. કરવામાં આવેલું કૃત્ય કલમ–૩૦૦માં આપવામાં આવેલાં પાંચ પૈકી કોઈ અપવાદમાં અથવા પ્રકરણ ૪ના સામાન્ય અપવાદમાં પડતું ન હોય.

ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત સમક્ષ ખૂનનો મુકદ્દમો ચાલે ત્યારે આરોપીનું કૃત્ય ખૂન છે કે કેમ તે નક્કી કરવાનો પ્રશ્ન હંમેશા આવે છે. તેમાં કયારેક તેવો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે કેમ તે પ્રશ્ન અત્યંત પેચીદો તથા જટિલ બની જાય છે. આ બાબત નક્કી કરવામાં સાહેદો, તબીબી પુરાવો, નિષ્ણાતોનો અભિપ્રાય વગેરે વિવિધ પાસા ભાગ ભજવે છે તથા મહત્ત્વની બાબત ગુન્હો કરનારની માનસિક અવસ્થા કે માનસિક પ્રક્રિયા હોય છે. મનુષ્યવધના કિસ્સામાં નીચે મુજબના ક્રમે ચર્ચા કરવી તર્કસંગત ગણાશે. –

૧. અદાલતે પ્રથમ એ નક્કી કરવાનું રહે છે કે મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે, અકસ્માત છે કે મનુષ્યવધનો કિસ્સો છે.

૨. એ કિસ્સો મનુષ્યવધનો જણાય તો કલમ ૨૯૯નાં તત્ત્વો પ્રમાણે તે મનુષ્યવધ છે કે કેમ?

૩. ત્યાર પછીના તબક્કે એ બાબત પર લક્ષ કેન્દ્રિત કરવાનું રહે છે કે કલમ ૩૦૦માં દર્શાવેલા કોઈ પ્રકારમાં એટલે કે ચાર પૈકી કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય આવે છે કે કેમ?

૪. જો આરોપીનું કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ પ્રકારમાં પડતું હોય તો તે કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકી કોઈ અપવાદમાં અથવા પ્રકરણ ૪ના સામાન્ય અપવાદો પૈકી કોઈ અપવાદમાં આરોપીનું કૃત્ય આવે છે કે કેમ?

૫. આરોપીનું કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ એક પ્રકારમાં પડતું હોય તથા કલમ ૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકી કોઈ અપવાદ અથવા પ્રકરણ ૪ના કોઈ સામાન્ય અપવાદમાં પડતું ન હોય તો તે સાપરાધ મનુષ્યવધ નિશ્ચિતપણે ખૂન ગણાય તથા કલમ ૩૦૨ના પ્રબંધ મુજબ સજા થાય.

૬. કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય પડતું હોય તથા તેવું કૃત્ય કલમ ૩૦૦માં દર્શાવેલા પાંચ પૈકી કોઈ અપવાદમાં પડતું હોય ત્યારે અપવાદના કારણે તે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહિ તથા કલમ ૩૦૪ના પૂર્વાર્ધ મુજબ સજા કરી શકાય.

૭. કલમ ૩૦૦ના ચાર પૈકી કોઈ પ્રકારમાં આરોપીનું કૃત્ય પડતું ન હોય ત્યારે અપવાદ વિષે વિચારવાનો પ્રશ્ન રહેતો જ નથી, પરંતુ તેમ છતાં તે સાપરાધ મનુષ્યવધ ગણાય ત્યારે કલમ ૩૦૪ના ઉત્તરાર્ધ મુજબ સજા કરી શકાય.

૮. કયારેક મનુષ્યવધ હોય, અપરાધનું તત્ત્વ હોય, છતાં કલમ ૨૯૯ના તત્ત્વો સંતોષાતા ન હોય ત્યારે વ્યથા કે મહાવ્યથા ગણીને તે મુજબ સજા થઈ શકે, જે પ્રત્યેક કેસનાં આગવા સંજોગો પર આધારિત છે.

માનવીનું મૃત્યુ અનેક કારણસર નિપજે છે. મૃત્યુ કુદરતી કારણોસર થાય, અકસ્માતના કારણે નિપજી શકે. બેદરકારીપૂર્વકના કૃત્યને કારણે મૃત્યુ નિપજે આત્મહત્યાનો કિસ્સો હોઈ શકે, મનુષ્યવધના કારણે થયું હોય તથા સાપરાધ મનુષ્યવધ પણ કારણરૂપ હોય. ફરિયાદપક્ષે પ્રથમ એ બાબત પુરવાર કરવાની રહે કે મૃત્યુ મનુષ્યવધના કારણે (homicidial death) થયું છે. ત્યારબાદ એ પુરવાર કરવાનું રહે કે મનુષ્યવધ સાપરાધ મનુષ્યવધ છે. સાપરાધ મનુષ્યવધ આંતરિક અથવા બાહ્ય ઈજાના કારણે નિપજી શકે, બાહ્ય ઈજાના કારણે થતી આંતરિક ઈજાથી નિપજી શકે, શરીરના મહત્ત્વનાં કે માર્મિક અવયવ (vital organ)ની ક્રિયાશીલતાને ઘાતક અસર પહોંચાડવાથી મૃત્યુ નિપજી શકે. આ ઘાતક અસર તેવા અવયવની ક્રિયાશીલતા અટકાર્વે અથવા ઘટાડે જે કારણે મૃત્યુ નિપજી શકે. કલમ ૨૯૯ માં સાપરાધ મનુષ્યવધની વ્યાખ્યા દર્શાવે છે કે મનુષ્યવધ, સાપરાધ મનુષ્યવધ પુરવાર કર્યા બાદ તેવો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય કે કેમ તે પુરવાર કરવાનું રહે છે. કલમ ૩૦૦માં ખૂનની વ્યાખ્યા કરવામાં આવી છે. ફરિયાદપક્ષે કલમ ૩૦૦માં દર્શાવેલા ચાર પૈકી કોઈ એક પ્રકાર પુરવાર કરવાનો રહે.

ત્યારે કલમ–૩૦૦ માં જે ચાર પ્રકારો દર્શાવેલા છે. તે નીચે મુજબ છે.

૧. જે કૃત્યથી મૃત્યુ નિપજાવ્યુ હોય તે કૃત્ય મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી કરેલ હોય.

અથવા

૨. જો ગુનેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોચે છે તેનુ મૃત્યુ નિપજાવવામાં સંબંધ છે અને તેવી શારીરીક હાની પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય.

અથવા

૩. જો કોઈ વ્યકિતને શારીરીક ઈજા પહોચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય અને શારીરીક ઈજા પહોચાડવા ધારયુ હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હોય.

અથવા

૪. જો કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે તેવુ તાત્કાલીન ભયજનક કૃત્ય છે તે તમામ શકયતા વચ્ચે મૃત્યુ નિપજે અથવા તેવી શારીરીક ઈજાથી મૃત્યુ નિપજવાની પુરી સંભાવના હોય તથા મૃત્યુ નિપજાવવા માટે કે ઉપરની ઈજા પહોચાડવા માટેની જોખમ લેવાના કોઈ જ કારણ વગર તે કૃત્ય કર્યુ હોય.

ઉપરોકત ચાર પૈકીના એક પ્રકાર મુજબનુ કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે અને પુરાવાની માત્રા, પુરાવાની ગુણવતા, તે કક્ષાની હોવી જોઈએ કે ગુનો નિ:શંકપણે તમામ શંકાથી પુરવાર થાય. વધુમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને તે બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારે ખસતો નથી કે હળવો થતો નથી. વધુમાં ઉપરોકત બાબત પુરવાર થયા બાદ જો આરોપીનો બચાવ એવો હોય કે તેનુ કૃત્ય કલમ–૩૦૦માં દર્શાવેલ પાંચ પૈકી કોઈ એક અથવા વધારે અપવાદમા અથવા પ્રકરણ–૪ માં દર્શાવેલ સામાન્ય અપવાદમાં પડે છે તો તે પુરવાર કરવા માટેનો પુરાવોનો બોજો આરોપી ઉપર છે. આ સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૦૫ ની જોગવાઈ મુજબ આરોપી ઉપર બોજો હોય છે. અપવાદમાં કીસ્સો પડતો નથી તેવો નકારાત્મક બોજો ફરીયાદપક્ષ ઉપર હોતો નથી. તથા ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે એવુ અનુમાન કરવાનુ રહે છે કે અપવાદ મુજબના સંજોગો ન હતા તથા આરોપીએ તેવા અનુમાનનુ ખંડન કરવાનુ હોય છે. વધુમાં આરોપી ઉપર પણ તે અનુમાનનુ ખંડન કરવા માટેનો બોજો ફરીયાદપક્ષ જેટલો નિ:શંકપણેના સિધ્ધાંત મુજબનો હોતો નથી પરંતુ આરોપીએ માત્ર એક સંભાવના, શકયતા દર્શાવવાની રહેતી હોય છે અને ફરીયાદપક્ષના કેસ સામે એક પ્રશ્ન ઉભો કરવાનો હોય છે.

**૧૪.** ઉપરોકત ફરીયાદપક્ષના કેસની હકીકત અને કાયદાની જોગવાઈ અને આક્ષેપીત ગુનાના તત્વો નજર સમક્ષ રાખી હાલના કેસમા જે ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ ઉપર પુરાવો રજુ થયેલ છે તે જોવામાં આવે તો ફરીયાદપક્ષે હાલના કેસમાં કુલ–૧૯ સાક્ષીઓ સોગંદ ઉપર તપાસેલા

છે અને તેને સમર્થનમાં દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે. આ સાહેદોમાં જુદા જુદા પંચનામાના પંચ સાહેદો, ફરીયાદી, અન્ય સાહેદો, ડોકટર સાહેદ, તથા પોલીસ સાહેદોનો સમાવેશ થાય છે.

**૧૫.** હાલના કેસમાં રજુ થયેલ પુરાવા આધારે પ્રથમ તે હકીકતની ચર્ચા કરવાની થાય છે કે, શું ગુજરનાર રમેશભાઈ દિનેશભાઈ મેવલનું મૃત્યુ થયેલ છે તે સાપરાધ મનુષ્યવધ છે કે કેમ ? આ અંગે ચર્ચા કરવામાં આવે તો આ કામે આંક–૨૮ થી ઈન્કવેષ્ટ પંચનામુ રજુ થયેલ છે અને તે સંદર્ભેના પંચોને **આંક–૨૭ થી સાહેદ નં.૩ તરીકે મહેન્દ્રભાઈ રમણભાઈ મેવલ** નાઓને અને **આંક–૨૯ થી સાહેદ નં.૪ તરીકે અરવિંદભાઈ સામતસિંહ મેવલ** નાઓને તપાસવામાં આવેલા છે. તે સંદર્ભે સાહેદ નં.૩ અને ૪ નાએ એવુ જણાવેલ છે કે, પોલીસે તેમને ગોધરા સીવીલ હોસ્પીટલ બોલાવેલા અને તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી તેવુ જણાવે છે પરંતુ તે સિવાય ઈન્કવેષ્ટ પંચનામાની બીજી કોઈ હકીકત જણાવેલ નથી. માત્ર તેઓની સહી લીધેલ હોવાનુ કથન કરેલ છે. આમ, આ બંને સાહેદોના મૌખીક પુરાવા ઉપરથી તેઓ ઈન્કવેષ્ટ પંચનામામાં સહી કર્યાનુ જણાવે છે પરંતુ તે ઈન્કવેષ્ટ પંચનામાની સમગ્ર હકીકત બાબતે જણાવેલ નથી તેમ છતાં તે પુરાવા આધારે જે ઈન્કવેષ્ટ પંચનામુ થયેલુ હતુ તે ગુજરનાર રમેશભાઈ દિનેશભાઈ મેવલની લાશનુ હતુ તેવુ પુરવાર થાય છે. વધુમાં ત.ક.અ.શ્રી કે જેને સાહેદ નં.૧૯ તરીકે આંક–૬૨ થી તપાસવામાં આવેલા છે તેઓ સોગંદપરની સરતપાસમાં ઈન્કવેષ્ટ પંચનામુ તેમની રૂબરૂમાં થયેલ હોવાનુ અને તેમા પંચોની રૂબરૂમા સહી હોવાનુ કથન કરેલ છે. ત્યારે તે ઉપરથી બનાવમાં ગુજરનાર રમેશભાઈ દિનેશભાઈ મેવલ નામની વ્યકિતનું અવસાન થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં આંક–૨૮ થી રજુ ઈન્કવેષ્ટ પંચનામુ જોવામાં આવે તો ગુજરનારનુ મોત તેના શરીરે હથીયારો વડે ગંભીર ઈજાઓ પહોચાડતા થયેલ હોવાનુ જણાવવામાં આવેલ છે.

**૧૬.** ત્યારબાદ **આંક–૩૬ થી સાહેદ નં.૭ તરીકે ડો. રીધ્ધીબેન જયેશકુમાર પટેલ** નાઓને તપાસવામાં આવેલા છે.તેઓની સો.ઉ.ની સરતપાસ જોવામા આવે તો તેઓએ જણાવેલ છે કે, તા. ૮/૫/૨૦૨૩ ના અરસામા તેઓ જનરલ હોસ્પીટલ ગોધરા ખાતે મેડીકલ ઓફીસર

તરીકે બજાવતી હતી ત્યારે ગુજરનાર રમેશભાઈ દીનેશભાઈ મેવાલ, ઉ.વ.૩૫, રહે. હરકુંડી, તા. ગોધરા, જી.પંચમહાલનાઓનુ શબપરીક્ષણ કરાવવા માટે તેઓનુ શબ પી.એસ.આઈ. વેજલપુર પો.સ્ટે. નાઓએ તેમના પો.સ્ટે.ના હે.કો. સુભાષભાઈ મહેશભાઈ બ.નં. ૧૨૩૯ મારફતે મોકલેલ. જે શબને કીરીટભાઈ દીનેશભાઈ મેવાલે ઓળખેલ હતુ. શબ પરીક્ષણ માટે તેજ દીવસે સાંજે ૦૬.૧૫ કલાકે શરુ કરી સાંજે ૦૮.૦૦ વાગે પુર્ણ કરેલ. મૃત્યુનુ અનુમાનેલુ કારણ ઈન્કવેસ્ટ પંચનામા પ્રમાણેનુ હતુ. વધુમાં આ સાહેદે તેમની સો.ઉ.ની સરતપાસમાં શબ એક ૩૫ વર્ષના હીન્દુ પુરુષનુ હતુ. જેના શરીર ઉપર કાળા કલરનો પેન્ટ અને નેવી બ્લુ કલરનુ અંડરવીયર હતુ. કપડાની હાલતની ભીંજાયેલી ન હતી કે તેના પર કોઈ લોહીના નીશાન ન હતા. તે શબ ઓળખાયેલ હતુ. શરીરનો બાંધો સામાન્ય હતો અને ઠંડુ હતુ. આખા શરીર ઉપર અકડાઈ જવાની પ્રક્રીયા થઈ ગયેલી હતી. પી.એમ.લીવીડીટી શરીરના પીઠના ભાગે જણાઈ આવેલી હતી. વધુમાં જણાવે છે કે, શબનો દેખાવ જોતા આંખો બંધ હતી. મો અર્ધ ખુલ્લુ હતુ. મોઢાની જમણી બાજુથી પીળા કલરનો સ્ત્રાવ હતો. ઉપરના છ દાંત દેખાતા હતા. જીભ મોઢામાં હતી. બંને ઉપરના હાથ સીધા હતા તેવુ કથન કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, બંને નીચેના પગ પણ સીધા હતા. કાનમાંથી કોઈ સ્ત્રાવ ન હતો. જનનેન્દ્રીયો પર કોઈ ઈજાના નીશાન ન હતા. શરીરના બાહય ભાગ પર ઘા અને ઈજા જોતા તેના પર ડાબી બાજુના માથાના ઉપરના ભાગે ફ્રન્ટલ રીઝન પર ૪×૨ સે.મી./બ્રાઉન કલરનો ઘા હતો, જયા સુકાયેલુ લોહી પણ હતુ. ડાબા હાથના અંગુઠા અને ઈન્ડેક્ષ ફીંગર વચ્ચે ૨×૧ સે.મી. ગોળ ઘા લાલ કલરનો ચકામો હતો. જમણા હાથની કોણી ઉપર પાછળના ભાગે ૧×૧ સે.મી. ગોળ કથ્થઈ કલરનો ચકામો હતો. પીઠના ઉપરના ભાગે ૨×૨ સે.મી. લાઈનર વર્ટીકલ ચકામો હતો. જમણા ખભાના ભાગે ૩×૧ સે.મી. ગોળ લાલ કલરનો બ્રુઝ માર્ક હતો. શબની બાહય તપાસણી કરતા શરીરમાં કોઈ ફ્રેકચર જણાઈ આવેલ નહી તેવુ કથન કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, શબની આંતરીક તપાસ કરતા માથાના ડાબી બાજુ ફ્રન્ટલ ભાગે સબકયુટેનીયશ રકતસ્ત્રાવ હતો. માથામાં કોઈ ફ્રેકચર ન હતુ. મગજ ઘટ્ટ હતુ. છાતીની તપાસ કરતા કોઈ પાંસળી ફ્રેકચર ન હતી. ફેફસા, કંઠેન્દ્રીય, શ્વાસનળી, કલોમ,

બંને ફેફસા, હૃદયના આવરણો ઘટ્ટ હતા. હૃદયનુ જમણુ ચેમ્બર લોહીથી ભરેલુ હતુ અને ડાબુ ચેમ્બર ખાલી હતુ. પેટની અંદરની ત્વચાનુ આવરણ છુંદાયેલુ હતુ. જેમા ૮૦૦ થી ૧૦૦૦ એમ.એલ.સુધી પીળા કલરનુ પ્રવાહી નીકળતુ હતુ જેમાંથી વાસ આવતી હતી. મોંનુ બોખ, દાંત, જીભ અને કંઠેનળીમાં પ્રવાહી હતુ. અન્નનળી ખાલી હતી. હોજરી ખાલી હતી. નાનુ આંતરડામાં પ્રવાહી જણાતુ હતુ. મોટુ આંતરડુ રપ્ચર (છુંદાયેલુ) હતુ. સીગ્મોઈડ અને રેકટમના જંકશન ઉપર ટ્રાન્સવર્સ (છુંદાયેલુ) કટ હતો અને તેમાંથી રેકટમના તત્વો (મળ) બહાર આવેલા હતા. યકૃત અને પીત્તાશય ફીકા હતા. અન્નાશય, બરોડ અને મુત્રપીંડો ફીકા હતા. પેશાબની કોથળી ખાલી હતી. જનનેન્દ્રીયો પર કોઈ ઈજા જોવા મળેલી ન હતી. હોજરીમાંથી કોઈ પદાર્થ મળી આવેલો ન હતો. તપાસણી અર્થે ૧૦ એમ.એલ. સાદુ અને ઈ.ડી.ટી.એ. લોહી લેવામાં આવેલ હતુ અને કપડા પણ તપાસણી અર્થે લેવામાં આવેલા હતા અને જે કોન્સ્ટેબલને સુપરત કરવામાં આવેલા હતા. કરોડરજજુ સામાન્ય હતી તેવુ કથન કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમના માનવા મુજબ મૃત્યુનુ સંભવિત કારણ મોટા આંતરડામાં સખત અને બોથડ પદાર્થના કારણે થયેલ ઈજાના થવાથી થયેલ આઘાતના કારણે મૃત્યુ થયેલ હોવાનો અભિપ્રાય આપેલ છે. વધુમાં જણાવેલ છે કે, પી.એમ.નોટની કોલમ નં. ૧૭ અને આંતરીક તપાસમાં બતાવેલ ઈજાઓ એકબીજાને સંલગ્ન હતી. આ ઈજાઓ શરીરના નાજુક અવયવો પર હતી. આ ઈજાઓ જીવલેણ પ્રકારની હતી અને કુદરતના સામાન્યક્રમ મુજબ મૃત્યુ કરવા માટે પર્યાપ્ત હતી. આ સાહેદ પી.એમ. રીપોર્ટ તેઓના હોદ્દાના સહી સીકકા હોવાનુ જણાવી આંક–૩૭ થી રજુ કરેલ છે તેમજ કોઝ ઓફ ડેથ સર્ટી. આંક–૩૮ થી રજુ છે અને પી.એમ. કરવા તથા કોઝ ઓફ ડેથ સર્ટી. મેળવવા માટે પોલીસ તરફથી મળેલ યાદી આંક–૩૯ થી રજુ કરેલ છે. વધુમાં તેઓને મુદ્દામાલ આર્ટીકલ જાડો દંડો બતાવવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, કોઈ વ્યકિતને લાકડાનો જાડો દંડો પેટ ઉપર એકથી વધારે ઘા મારવાથી ઈજા થઈ શકે તેવા પ્રકારની હતી તેવુ કથન કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં, ઉલટ તપાસમાં તેઓએ હકીકત કબુલ કરેલ છે કે, લાકડાના જાડા દંડા વડે જો મારવામાં આવે તો તે લાકડાના સોળના નીશાન ઈજાવાળી જગ્યાએ ઉપસી શકે. પી.એમ.નોટમાં શરીરના આગળના પેટના ભાગે લાકડાના સોળના નીશાન અંગે કોઈ ઉલ્લેખ કરેલો નથી. જે વાઈટલ પાર્ટ દર્શાવેલ છે તે પેટનો આગળનો ભાગ દર્શાવેલ છે તેવુ કથન કરેલ છે. વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, પી.એમ. રીપોર્ટના કોલમ નં. ૧૭, ૧૮ અને ૨૧ ના કોલમમાં જે ઈજાઓ દર્શાવેલી છે તેમાં કોઈ અસ્થિભંગ ન હતો અને સામાન્ય પ્રકારની હતી. સામાન્ય પ્રકારની ઈજાઓમાં જો સમયસર સારવાર મળે તો તેમાં સારુ થઈ શકે. શબ પરીક્ષણ કરતા પહેલા તે દર્દી હોસ્પિટલમાં કેટલા સમયથી દાખલ હતો તે અંગેના કેસ પેપર્સનો અભ્યાસ કરેલો નહી તેવુ કથન કરેલ છે.

ઉપરોકત જે રેકર્ડ ઉપર પુરાવો આવેલ છે તે જોતા ઈન્કવેષ્ટ પંચનામુ, પંચ સાહેદો તથા ત.ક.અ. શ્રીનો મૌખીક પુરાવો તથા પી.એમ. રીપોર્ટ અને તે અંગે ડોકટર સાહેદનો મૌખીક પુરાવો જોવામાં આવે તો ગુજરનાર રમેશભાઈ દિનેશભાઈ મેવલનુ મૃત્યુ તેઓને મોટા આંતરડામાં સખત અને બોથડ પદાર્થના કારણે થયેલ ઈજાના થવાથી થયેલ આઘાતના કારણે થયેલ હોવાનુ પુરવાર થાય છે. આ સંજોગોમાં ગુજરનારનું મૃત્યુ તે કુદરતી નહી હોવાનુ પણ તે મૃત્યુ '' **સાપરાધ મનુષ્યવધ** '' હોવાનુ પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ '**હકારમાં**' આપવામાં આવે છે.

**૧૭.** ઉપરોકત વિગતે મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપ્યા બાદ હવે પડેલ પુરાવા આધારે આગળ ચર્ચા કરવામાં આવે તો મુદ્દા નં.૨ સંદર્ભે ફરીયાદપક્ષે એ હકકીત પુરવાર કરવાની રહે છે કે આ કામના આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપીએ ભેગા મળીને મરણજનાર રમેશભાઈ દિનેશભાઈ મેવલ નાઓને તા.૬/૫/૨૦૨૩ ના રોજ કલાક ૧૮.૩૦ વાગે તેમના ઘરના પાસેના કોઢીયા સામે હાથમાં લાકડાના જાડા દંડા ધારણ કરી મરણજનાર ને તેના વડે માર મારી શરીરે ગંભીર ઈજાઓ કરી અને તેનુ ખુન કરેલ છે. આ સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો આ કામમાં ફરીયાદપક્ષે **આંક-૧૨ થી સાહેદ નં.૧ તરીકે પંચ સાહેદ હિતેન્દ્રસિંહ**

**ભગવાનસિંહ સોલંકી** નાઓને તપાસેલ છે. જેઓએ ગુનાવાળી જગ્યાના પંચનામા, આરોપી નં.૧ ની શરીર સ્થિતિ તથા તેઓએ રજુ કરેલ મુદ્દામાલ લાકડાના રીકવરી પંચનામા તથા આરોપી નં.ર જયદીપસિંહ દ્વારા રજુ કરેલ કપડા તથા કડુ કબજે કરેલ તે અંગેના પંચનામા અને તથા જે તે વખતે આરોપી તરીકે દર્શાવેલ યુવરાજ ઉર્ફે ભયો અશ્વીનભાઈ સોલંકી નાએ પોતે બનાવ સમયે ગુનાવાળી જગ્યાએ હાજર ના હોય અને પોતે એમ.જી.મોટર્સના ચેનફેંગ સીટીંગ ઈન્ડીયા પ્રા.લીમી. માં ખાનગી નોકરી કરતા હોય ત્યાં હાજર રહેવા અંગેના ફુટેજ પેઈન ડ્રાઈવમા રજુ કરેલ તે અંગેના પંચનામાંમાં તેઓની સહીઓ ઓળખી બતાવતા સદરહુ ચારેય પંચનામામાં અનુક્રમે આંક–૧૩ થી ૧૬ સુધી રજુ થયેલ છે. પરંતુ આ સાહેદે ચારેય પૈકીના કોઈ પણ પંચનામાની હકીકત પુરવાર થાય તેઓ પુરાવો આપેલ નથી. આ સાહેદે પોલીસ દ્વારા તેઓને વેજલપુર પો.સ્ટે.ને બોલાવી તૈયાર પંચનામામાં સહીઓ કરેલ હોવાનુ કથન કરેલ છે. પરંતુ આ સાહેદને સદરહુ પંચનામાની વિગતે કબજે કરેલ આર્ટીકલ નં.૧ થી ૩, ૬, ૭, ૮, ૧૦ અને ૧૧ કે જેમા લાકડાના હાથના ટુકડા, શર્ટ તથા પેન્ટ, બતાવવામાં આવતા તે મુદ્દામાલ આર્ટીકલો તેમની હાજરીમાં પોલીસે કબજે લીધેલ હોય તેવુ બનેલ નહી હોવાનુ કથન કરેલ છે પરંતુ તેમાથી નિકળેલ સહીવાળી કાપલીઓમાં તેમની સહીઓ ઓળખી બતાવતા અનુક્રમે આંક–૧૭ થી ૨૫ સુધી રજુ થયેલ છે. આમ, આ સાહેદે ચારેય પૈકી કોઈ પણ પંચનામાની વિગત પુરવાર થાય તેવો પુરાવો નહી આપતા ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમા પુછી શકાય તેવો પ્રશ્નો પુછેલ હોવા છતાં વધુ કોઈ પણ રીતે સમર્થન કરેલ નથી.

૧૮. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૬ થી સાહેદ નં.ર તરીકે રણજીતસિંહ લક્ષમણ સિંહ ચૌહાણ** નાઓને તપાસેલ છે. જેઓ આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના બીજા પંચ સાહેદ છે પરંતુ તેઓએ પણ અગાઉના પંચ સાહેદની જેમ સદરહુ પંચનામામાં તેઓની માત્ર સહી ઓળખી બતાવેલ છે અને પોલીસે તૈયાર પંચનામામા સહી લીધેલ હોવાનુ કથન કરેલ છે. તેમજ તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૧,૨ લાકડાના હાથના ટુકડા અને આર્ટીકલ નં.૩ કે જેમા પણ લાકડાના હાથના ટુકડાઓ છે તે બતાવવામાં આવતા તે તેમની રૂબરૂ કબજે કરેલ નહી હોવાનુ

કથન કરેલ છે. પરંતુ આંક–૧૭ થી ૧૯ વાળી સહીવાળી કાપલીમા તેમની સહી ઓળખી બતાવે છે. આ સાહેદને પણ ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમા પુછી શકાય તેવો પ્રશ્નો પુછેલ હોવા છતાં તેઓએ પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૭ થી સાહેદ નં.૩ તરીકે મહેન્દ્રભાઈ રમણભાઈ મેવલને** તપાસેલ છે. જેઓ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ ઈન્કવેસ્ટ પંચનામામાં તેમની માત્ર સહી ઓળખી બતાવતા આંક–૨૮ થી રજુ થયેલ છે તેઓએ પણ પોલીસે તેમને ગોધરા સીવીલ હોસ્પીટલ ખાતે પી.એમ.રૂમમાં બોલાવતા હાજર થયેલ હોય અને ત્યાં એક ઈસમની લાશ પડેલ હોય તેનુ પંચનામુ કરવાનુ હોય તેવુ બનેલ નહી હોવાનુ કથન કરેલ છે.

**૨૦.** વધુમાં ફરીયાદપક્ષે **આંક–૨૯ થી સાહેદ નં.૪ અરવિંદભાઈ સામતસિંહ મેવલને** તપાસેલ છે. તેઓ પણ આંક–૨૮ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામાના બીજા પંચ સાહેદ છે તેઓએ પણ સદર પંચનામામાં માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય બીજી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. આ બંને સાહેદોને પણ ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમા પુછી શકાય તેવો પ્રશ્નો પુછેલ હોવા છતાં આંક–૨૮ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકત પુરવાર થાય તેવો પુરાવો આપેલ નથી.

**૨૧.** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૦ થી સાહેદ નં.૫ યોગેશકુમાર પ્રવીણસિંહ રાઠોડ** નાઓને તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે, એક વર્ષ પહેલા તેઓ ગોધરા સીવીલ ખાતે હાજર હતા ત્યારે પોલીસે તેમને તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલી. તેમની સાથે બીજા પંચ તરીકે અલ્પેશકુમાર મનહરભાઈ રાઠોડ નાઓ હાજર હતા. તેમની હાજરીમાં સહી કરેલ હોવાનુ જણાવે છે. આ સાહેદને મરણજનારની લાશ ઉપરથી તેઓએ કબજે કરેલ કપડાનુ પંચનામુ બતાવવામાં આવતા તેમા સહી ઓળખી બતાવતા આંક–૩૧ થી રજુ થયેલ છે. વધુમાં તેઓને મુદ્દામાલ નં.૪ અને ૫ કે જે ગુજરનારની લાશ ઉપરના વસ્ત્ર તથા આંતરવસ્ત્ર બતાવવામાં આવતા તેમની હાજરીમાં કબજે કરેલ તેવુ બનેલ નહી હોવાનુ કથન કરેલ છે પરંતુ તેમાથી નિકળેલ સહીવાળી કાપલીમાં તેઓની સહી ઓળખી બતાવતાં આંક–૩૨, ૩૩ થી રજુ થયેલ છે.

૨૨. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૪ થી સાહેદ નં.૬ તરીકે અલ્પેશભાઈ મનહર ભાઈ રાઠોડ** નાઓને તપાસેલ છે. તેઓ ઉપરોકત આંક–૩૧ વાળા પંચનાનામા બીજા પંચ સાહેદ છે તેઓએ પણ સદર પંચનામામાં તથા મુદ્દામાલમાંથી નિકળેલ સહીવાળી કાપલીઓમાં તેઓની સહી માત્ર ઓળખી બતાવે છે તે સિવાય આંક–૩૧ વાળા પંચનામાની હકીકત પુરવાર થાય તેવો પુરાવો આપેલ નથી અને બંને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમા પુછી શકાય તેવો પ્રશ્નો પુછેલ હોવા છતાં વધુ કોઈ પણ રીતે સમર્થન કરેલ નથી.

૨૩. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૪૦ થી સાહેદ નં.૮ તરીકે રમેશસિંહ અર્જુનસિંહ સોલંકી** નાઓને તપાસેલ છે. જેઓ આરોપીઓ પાસેથી રીકવર કરવામાં આવેલ મુદ્દામાલ હથીયાર વાળા અનુક્રમે આંક–૧૪ અને ૧૫ વાળા પંચનામાના પંચ સાહેદ છે તેઓએ પણ સાહેદ નં.૧ની જેમજ સદર પંચનામાઓમા તેઓની માત્ર સહી ઓળખી બતાવેલ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૬, ૭, ૮, ૧૦ અને ૧૧ માંથી નિકળેલ સહીવાળી કાપલીઓમાં તેઓની સહી ઓળખી બતાવે છે તે સિવાય આ પંચ સાહેદે આ કામના બંને આરોપીઓનુ શરીર સ્થિતિનું પંચનામુ કરવામાં આવેલ તે સમયે તેઓએ બનાવમાં ઉપયોગ કરેલ મુદ્દામાલ હથીયાર રજુ કરેલ હોવાની હકકત પુરવાર થતી નથી. તેઓને પણ ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમાં પુછી શકાય તેવો પ્રશ્નો પુછેલ હોવા છતાં વધુ કોઈ પણ રીતે સમર્થન કરેલ નથી.

૨૪. ત્યારબાદ આ કામમાં ફરીયાદપક્ષે **આંક–૪૧ થી સાહેદ નં. ૯ તરીકે શારદાબેન દીનેશભાઈ મેવલ** કે જેઓ ગુજરનારની માતા છે અને આ કામમાં ફરીયાદી છે અને તેવા મહત્વના સાહેદને તપાસેલ છે. તેઓએ સરતપાસના પેરા–૧ માં તેમના પરીવાર અને પરીવારના સભ્યોની હકીકતનુ વર્ણન કરેલ છે. જયારે પેરા – ૨ માં જણાવેલ છે બનાવ નવ મહીના પહેલા બનેલો, બનાવ રાત્રે અંધારામાં બનેલો, તે વખતે હુ મારા ઘરના આંગણામાં બેઠેલ હતી. તે વખતે શંકર જોડે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી, શા કારણથી બોલાચાલી થયેલી તેની ખબર નથી, તે વખતે સમાજના ઘણા લોકો ભેગા થઈ ગયેલા અને તેમના મોટા દીકરા રમેશને ધકકો વાગતા પડી ગયેલો, કોણે ધકકો મારેલો તેની ખબર નથી. પછી રમેશને ગોધરા

દવાખાને લઈ ગયેલા અને ત્યાં બે દિવસ  રાખેલો જયાં સારવાર દરમ્યાન તે ગુજરી ગયેલો. તેમનો દીકરો ગુજરી ગયા બાદ તેઓએ પોલીસમા ફરીયાદ આપેલી અને તે ફરીયાદ તેઓએ શંકાના આધારે આપેલ હતી. તે બનાવમાં ધકકા મુકકી સિવાય બીજુ કાંઈ બનેલુ નથી કે તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ હોય તે જાણતી નથી અને તે અંગેની કોઈ હકીકત તેણીએ  ફરીયાદમા લખાવેલ નથી તેમ જણાવી ફરીયાદમા તેમના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવતા આંક–૪૨ થી રજુ થયેલ છે.વધુમાં જણાવેલ છે કે,  બનાવ બાબતે પોલીસે તેમનો  વધારાનો જવાબ લીધેલ નથી. તેઓ આરોપીને ઓળખતા નથી. આમ, આ ફરીયાદી સાહેદ કે જે મરણજનારની સગી માતા છે તેણે આરોપી સામેના આક્ષેપો પુરવાર થાય તેવા લેશમાત્ર પુરાવો આપેલ નથી અને તેણીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમા પુછી શકાય તેવો પ્રશ્નો પુછેલ હોવા છતાં તેણીએ આરોપીઓ સામેના આક્ષેપવાળી કોઈ પણ હકીકતને સમર્થન આપેલ નથી.

આ સાહેદની બચાવપક્ષે જે ઉલટ તપાસ કરેલ છે તે જોવામા આવે તો તેણીએ જણાવેલ છે કે,જે દિવસે બનાવ બનેલ ત્યારે રાત્રીનુ અંધારુ હતુ, તેમનો ગુજરનાર દિકરો રમેશ પગે અપંગ  હતો. બનાવ વખતે રમેશ તેઓ કોઢીયામા જયાં ભેસો બાંધે છે ત્યાં પહેલો હતો. તે કોઢીયામાં ભેસો બાંધવા માટેના ખીલા થોડા થોડા અંતરે મારેલા છે. વધુમાં તેમના દિકરાની પત્નીએ બુમ પાડતા પાછળના વાડામાંથી તેમના દીકરાની દીકરીને રમાડતી હતી તેને લઈને તેણી ત્યાં ગયેલી અને ત્યાં તે ગયેલી ત્યાં તેમનો દિકરો કોઢીયામાં પડી ગયેલો હતો. ત્યારબાદ તેઓએ ગામના માણસો ભેગા કરી ૧૦૮ એબ્યુલન્સ બોલાવી તેમના દિકરાને ગોધરા સીવીલમાં લઈ ગયેલા હતા, ગોધરા સીવીલમા તેમના દિકરાને સારુ હતુ અને તે ખાતો પણ હતો અને બોલતો પણ હતો. વધુમા એ હકીકત કબુલ કરેલ છે કે, અગાઉ છોકરી બાબતે આરોપીઓ સાથે ઝગડો તકરાર ચાલતી હતી અને તેથી શંકાના આધારે આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ આપેલી. ફરીયાદ આપવા માટે તેમના ગામના માણસો તેમની સાથે પો.સ્ટે.માં આવેલા હતા અને પો.સ્ટે.માં  માત્ર તેનુ નામ ઠામ પુછેલુ હતુ તે સિવાય તેણીએ કોઈ હકીકત

પોલીસને લખાવેલ નથી અને ફરીયાદમાં પોલીસે શું લખેલ હતુ તે તેણીને વાંચી સંભળાવેલ ન હતુ અને માત્ર અંગુઠો લીધેલ હતો.

આમ, ફરીયાદપક્ષ માટેના જે મહત્વના સાહેદ છે તે ગુજરનારની માતા અને ફરીયાદી ધ્વારા આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થાય તેવી કોઈ જ હકકીત જણાવેલ નથી.

૨૫. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફેથી **આંક–૪૩ થી સાહેદ નં.૧૦ તરીકે ડો. મોહંમદ આશીક વાહીદનુર ખાનને** તપાસેલ છે. ગુજરનારને જયારે ગોધરા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ ત્યારે આ ડો.શ્રી. ધ્વારા ગુજરનારની સારવાર કરવામાં આવેલ હતી. તેઓનો મૌખીક પુરાવો જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે, તા.૬/૫/૨૩ ના રોજ રાત્રીના ૯.૩૫ કલાકે તેઓ સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા. તે દરમ્યાન રમેશભાઈ દીનેશભાઈ મેવલ નાઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે લાવવામાં આવેલા. તેઓને ઈતિહાસ પુછતાં તેઓએ જણાવેલ કે, '' તા. ૬/૫/૨૩ ના રોજ રાતના સાડા સાતથી આઠ વાગ્યાના અરસામાં મારા મારીમાં લાકડીથી અશ્વીનભાઈના દીકરા અને જશવંતભાઈના દીકરા જેના નામની ખબર નથી તેણે માર મારેલ છે.'' તેઓએ પોલીસેને યાદી કરેલ. વધુમાં જણાવેલ છે કે, તેઓને માથાની ડાબી બાજુ એક કપાયેલો છુંદાયેલો ૨ સે.મી.× ૧ સે.મી. સ્નાયુ સુધીનો ઉંડો ઘા હતો અને તાજુ લોહી નીકળતુ હતુ તથા પેટના ડાબા ભાગમાં દુખાવાની ફરીયાદ હતી. સદર દર્દીને તા. ૬/૫/૨૩ ના રોજ દાખલ કરેલ હતા અને તા. ૮/૫/૨૩ ના રોજ સવારના ૧૧.૪૫ વાગે તેઓ મરણ પામેલ હતા. સદર ડોકટર સાહેદે જણાવેલ છે કે, તેઓને જે ઈજા હતી તે સખત અને બોથર્ડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને તે ઈજાઓ ૬ કલાકના સમય દરમ્યાનની હતી. તેઓને માથાના ભાગે જે ઈજા હતી તે તેના શરીરના વાઈટલ ભાગ ઉપર થયેલી હતી. આ સાહેદને સદર દર્દીને તપાસેલ તે બાબતનુ સર્ટીફીકેટ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ હોવાનુ અને તેમા તેમની સહી તથા હોદ્દાનો સીકકો હોવાનુ જણાવી તે ઓળખી બતાવતા આંક–૪૪ થી રજુ થયેલ છે. સદર ડોકટર ધ્વારા એવો અભિપ્રાય આપેલ છે કે, તે દર્દીને જે ઈજાઓ હતી તે લાકડાના જાડા દંડા વડે થઈ શકે તેવી હતી અને તેમના માથાના ભાગે જે ઈજા હતી તે એકથી વધુ

ઘા કરવામાં આવે તો થઈ શકે તેવી છે. પરંતુ તે દર્દીના માથાના ભાગે જે ઈજા હતી તે મૃત્યુ નીપજાવવા માટે પર્યાપ્ત હતી કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહી તેવુ કથન કરેલ છે. ગુજરનારનો જે પી.એમ. રીપોર્ટ છે તથા પી.એમ. કરનાર ડોકટર સાહેદે જે પુરાવો આપેલ છે જેની ચર્ચા અગાઉ કરેલ તે મુજબ ગુજરનારનુ મૃત્યુ માથામાં ઈજા થવાથી થયેલ નથી પરંતુ પેટના ભાગે ઈજા થવાથી મોટા આંતરડા Rupture થવાથી થયેલ હોવાનુ દર્શાવેલ છે.

ઉપરોકત ડોકટર સાહેદની બચાવપક્ષે જે ઉલટ તપાસ કરેલ છે તે જોવામાં આવે તો તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, દર્દીને માથાના ભાગે જે ઈજા હતી તે સામાન્ય ઈજા હતી. અને સામાન્ય ઈજામાં ચાર પાંચ દીવસની સારવાર મળે તો સારી થઈ શકે. વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, પેટના ભાગે દુખાવાની ફરીયાદ હતી તે કાલ્પનીક પણ હોઈ શકે અને તેઓએ દર્દીને તપાસેલ ત્યારે પેટના ભાગે લાકડી કે બીજા હથીયાર વડે મારેલ હોવા અંગેના ઈજાના નીશાન જોવા મળેલા ન હતા. વધુમાં તે દર્દી શારીરીક ખોડ ખાંપણવાળા હતા કે કેમ તે ખબર નહી હોવાનુ કથન કરેલ છે પરંતુ એ હકીકત કબુલ કરેલ છે કે, કોઈ વિકલાંગ કે સામાન્ય વ્યકિત લાકડના ધારદાર કે બોથર્ડ ભાગ ઉપર પડે તો દુખાવાની ફરીયાદ થઈ શકે. વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તે દર્દીને તેમની સમક્ષની હીસ્ટ્રીમાં કોણે મારેલુ તે વ્યકિતના ચોકકસ નામ આપેલા નહી.

આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના બંને આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળઆરોપી નાએ ગુજરનારને માથા અને પેટના ભાગે લાકડાના જાડા દંડા મારતા તેઓને પેટના ભાગે જે ઈજાઓ થયેલી તેના કારણે સારવાર દરમ્યાન ગુજરનારનુ મૃત્યુ થયેલ હોવાનુ ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ ડોકટર કે જેઓએ ગુજરનાર હયાત હતા ત્યારે તેઓની સારવાર કરેલ હતી. તેઓનો પુરાવો જોવામાં આવે તો ગુજરનારના પેટના ભાગે લાકડી કે બીજા હથીયાર વડે મારેલ હોવાના કોઈ નિશાન જોવા મળેલ ન હતા તેમ જણાવેલ છે અને ગુજરનારે આપેલ હિસ્ટ્રીમા તેને કોણે મારેલ તે વ્યકિતના ચોકકસ નામ આપેલા નહી

હોવાનુ જણાવે છે. ત્યારે આરોપીઓને ગુજરનારના મોત સાથે સાંકળી શકાય તેવો આડકતરો પુરાવો પણ મળી આવેલ નથી.

૨૬. ત્યારબાદ આ કામમાં ફરીયાદપક્ષે **આંક–૪૭ થી સાહેદ નં.૧૧ તરીકે કીરીટ ભાઈ દીનેશભાઈ મેવલ, આંક–૪૮ થી સાહેદ નં.૧૨ તરીકે બીપીનભાઈ વિક્રમભાઈ મેવલ, આંક–૫૪ થી સાહેદ નં.૧૪ તરીકે નરવતસિંહ વખતસિંહ મેવલ, આંક–૫૫ થી સાહેદ નં.૧૫ તરીકે ભારતસિંહ વખતસિંહ મેવલ** નાઓને તપાસવામા આવેલ છે. જે ગુજરનારના કુંટુંબી તથા ભાઈ થાય છે. આ તમામ સાહેદોએ બનાવ વર્ષ પહેલા બનેલ હોવાનુ કથન કરેલ છે અને બનાવ વખતે તેઓ ઘરે હાજર ન હતા તેવુ જણાવે છે જેથી તમામ શું બનેલ તેની ખબર નથીં તેવુ જણાવે છે. વધુમાં બનાવમાં ગુજરનાર રમેશને વાગેલ તેવુ વાતો વાતથી જાણેલુ અને તેને ગોધરા સીવીલ હોસ્પીટલમા દાખલ કરેલો તથા ત્રણ દિવસ બાદ અવસાન પામેલ હતા તે ગુજરી જતાં તેની લાશનુ પી.એમ. કરવામાં આવેલ હતુ અને બનાવ સંદર્ભે કોની સામે કેસ થયેલ અને પોલીસે કોણે પકડેલ તેની ખબર નથી. વધુમાં બનાવ કઈ રીતે બનેલો અને કયાં કારણસર બનેલો તેની વિગત તેઓએ પોલીસમાં લખાવેલ ન હતી તેવુ જણાવ છે. આ ત્રણેય સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા બાદ પરવાનગી મળતા ઉલટમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હોવા છતાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી કે આરોપીઓ સામેનો આક્ષેપ પુરવાર થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

૨૭. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૫૨ થી સાહેદ નં.૧૩ તરીકે ગુજરનારની પત્ની સપનાબેન રમેશભાઈ મેવલ** નાઓને તપાસેલા છે. જેઓ આ કામનાં અતિ મહત્વનાં સાહેદ છે. તેઓ મુકબધીર એટલે કે બોલી સાંભળી શકતા ના હોય તેવા સાહેદ છે. ફરીયાદપક્ષ ધ્વારા તપાસનાં કામે તેઓનું નિવેદન સાંકેતીક ભાષાનાં જાણકાર વિશિષ્ટ શીક્ષકશ્રી હીરેનકુમાર જયંતીલાલ ગોહીલ નાઓની મદદ લેવામા આવેલ હતી અને આ સાહેદનો પુરાવો પણ આંક–૫૦ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ સદર વિશિષ્ટ શીક્ષકશ્રીની મદદ લેવા અંગેનો હુકમ કરી તેઓને સદર સાહેદની જુબાની દરમ્યાન સાંકેતીક ભાષાના જાણકાર હોવાથી હાજર રાખી

ગુજરનારની પત્નીની જુબાની સવાલ જવાબ રૂપે નોંધવામાં આવેલ છે. પ્રોસીકયુશન તથા ડીફેન્સ લોયર ધ્વારા જે સવાલ પુછવામાં આવેલ તે સવાલ નોંધ્યા બાદ સદર સાંકેતીક ભાષાનાં જાણકાર વિશિષ્ટ શીક્ષકશ્રીએ સાંકેતીક ભાષાનાં માધ્યથી સદર સાહેદ સપનાબેનને તે સવાલ સમજાવી અને સાહેદે સાંકેતીક ભાષાથી જે જવાબ આપેલ તે સદર સાંકેતીક ભાષાના જાણકર શીક્ષકશ્રીએ ઈન્ટર પ્રીટર તરીકે કોર્ટ રૂમમા પક્ષકારો અને વકીલોની હાજરીમાં જણાવેલ તે જવાબરૂપે નોંધવામાં આવેલ છે. આ જુબાની સમગ્ર રીતે વંચાણે લેતા તે ઉપરથી સદર સાહેદ સાત ધોરણ સુધી ભણેલ હોવાનુ અને થોડુ લખતા વાંચતા આવડતુ હોવાનુ તેના લગ્ન થઈ ગયેલ હોવાનુ તેને બાળકોમાં એક દિકરો અને એક દિકરી હોવાનુ જેમા દિકરો મોટો હોવાનુ અને દિકરી નાની હોવાનુ તથા પુત્રનુ નામ અક્ષય હોવાનુ લખીને બતાવેલ હોવાનુ અને દિકરીનુ નામ હીનાબેન લખીને બતાવેલ હોવાનુ અને હાલ તેના પિતાને ત્યાં રહેતા હોવાનુ અને હાલમા તે તથા તેના બે બાળાકે ત્રણ જણા સાથે રહેતા હોવાનુ અને બનાવ વખતે તેણીના પરીવારમા છ જણા હોવાનુ પરંતુ કોણ કોણ હતા તે બાબતનો પ્રશ્ન સાંકેતીક ભાષમાં સમજાવવા છતાં સમજી શકેલ ના હોય જવાબ આવેલ ના હોય તે રીતે નોંધવામાં આવેલ છે. વધુમાં તેઓના પતિ તંદુરસ્ત હતા પરંતુ પગે લંગડાઈને ચાલતા હતા અને તા.૬/૫/૨૩ ના રોજ તેમના રહેણાંકના ઘરે શું થયેલ તે અંગે સાંકેતીક ભાષાથી જણાવેલ તેમા તે તારીખે સાંજે મારા પતિ ડેરીમાં દુધ આપીને પરત આવેલ ત્યારબાદ તેમના માટે હુ ઘરમાં ચા બનાવતી હતી તે સમયે ખુબ અવાજ શોર બકોર થતા તથા બારણાનો ખખડવાનો અવાજ આવતા તેમજ હુ ઘરમાં રસોડામાં ચા બનાવતી હતી અને તે ઘરની પેરાફીક એવી હતી કે, ઉભા રહીને બહાર શુ થાય છે તે જોઈ શકાય, જેથી મે જોયેલ અને બે ત્રણ વ્યકિત આવેલા અને હલ્લો થતા હુ પણ બહાર નીકળેલી અને ઝપાઝપી થતા હુ બહાર ગયેલી અને મારા પતિને છોડાવવાનો પ્રયત્ન કરેલો. મારા પતિને ઝપાઝપીમાં માથાના ભાગે વાગેલુ હોય જેથી મે મારો દુપટ્ટો તેને માથના ભાગે વીંટી દીધેલો. તે વખતે ત્રણ લોકો હતા અને તેઓએ મારા પતિને માથામાં બે જગ્યાએ તથા પેટના ભાગે ત્રણ જગ્યાએ જાડા દંડા વડે મારેલ હતુ. આ ત્રણ વ્યકિત સીવાય એક ચોથી સ્ત્રી હતી

અને પાંચમો વ્યકિત પણ હતો જે કોર્ટમાં આવેલ છે. મારા પતિને માથામાં વાગેલુ હોય લોહી નીકળતુ હતુ. જે પાંચમો વ્યકિત હતો તે ત્રણ વ્યકિતઓને ''આને માર.'' તેવુ કહેતો હતો.

વધુમાં તે ત્રણ વ્યકિતને તેઓ ઓળખી શકે તેમ પુછવામા આવતા તેનો જવાબ હકારમાં આપેલ. ત્યારબાદ આ કામના બંને આરોપીઓ કે જે આરોપીના બોક્ષમા બેસેલ હતા તેઓને કોર્ટ રૂમમાં બધા પક્ષકારો અને વકીલો વચ્ચે આ સાહેદ જોઈ ના શકે તે રીતે બેસાડવામાં આવેલ અને ત્યારબાદ આ સાહેદને બોક્ષમાંથી નીચે ઉતારી તે વ્યકિતઓને ઓળખવા માટે જણાવવામાં આવતાં તેઓએ કોર્ટરૂમમાં બેઠેલ વ્યકિતઓ વચ્ચે જઈને આ કામના બંને આરોપીઓની નજીક જઈ આંગળી ચીઢી સ્પષ્ટપણે ઓળખી બતાવેલ. ત્યારબાદ આરોપીઓ જેને ઓળખી બતાવેલ છે તે બનાવમાં શું કરતા હતા તેવો પ્રશ્ન ફરીયાદપક્ષ ધ્વારા પુછવામાં આવેલ જેમા તેણીએ સાંકેતીક ભાષા મારફતે જે હકીકત જણાવેલ તે ઈન્ટર પ્રિટર ધ્વારા ધ્વારા શબ્દોમાં જણાવવામાં આવતા તે મુજબ આ બંને લોકો ફોન બાબતે ઝગડો કરવા આવેલા અને ગાળો દીધેલી. મારા બનેવીની છોકરીને કોઈક અજાણ્યા નંબર પરથી રોજ ફોન કરતુ હતુ જેથી મારા બનેવીએ મારા પતિને અજાણ્યા નંબર પર તે નંબર કોનો છે તે જાણવા માટે ફોન કરવા જણાવેલુ ત્યારથી આરોપીઓ મારા પતિને ફોન પર ગાળો આપતા હતા. આ મારામારીની ઘટનામાં મારા પતિને દવાખાનામાં દાખલ કરેલા અને બે દીવસ પછી તેણે ખાવા પીવાનુ બંધ કરેલુ અને તેઓ માત્ર ચા દુધ લેતા હતા તે પણ બંધ થયેલુ અને જે દીવસે મારા પતિનુ મૃત્યુ થયેલુ તે દીવસે તેને પેટમાં દુખતુ હતુ અને તેઓ સહન કરી શકતા ન હતા. (આ તબકકે સાહેદ રડવા લાગતા તેઓને પાણી પીવડાવવામાં આવેલ છે.) સાહેદ રડતા રડતા એવુ જણાવે છે કે, ''અમારુ કોણ ?'' ત્યારબાદ આ બે આરોપીઓનો રોલ શું હતો અને તેમણે બનાવમાં શું કરેલુ ? તેના સવાલમા તેમણે જણાવેલ છે કે, તે દીવસે આ બંને વ્યકિતઓ ત્રીજા વ્યકિત સાથે ઘરે આવેલા હતા અને એક સ્ત્રી પણ હતી તેમ કુલ ચાર વ્યકિતઓ આવેલા હતા અને શરુઆતમાં આ લોકોએ મોબાઈલ બાબતે જીભાજોડી કરેલી હતી. તે વખતે મારા પતિ દુધ આપવા માટે ગયેલા હતા ત્યારે તે લોકો આવેલા હતા અને બેઠા હતા અને ત્યારબાદ મારા પતિ

આવેલા અને જે ત્રીજો વ્યકિત આવેલો હતો તેણે લાકડાના જાડા દંડા છુપાવી રાખેલા હતા ત્યારપછી ઉગ્ર બોલાચાલી થતા મારા પતિને આ બંને આરોપીઓ તથા ત્રીજા આરોપીએ લાકડાના જાડા દંડા વડે માર મારેલો. આ બનાવ મારા ઘરના આંગણામાં બનેલો હતો. ત્યારબાદ તેણીને સવાલ પુછવામાં આવેલ કે તમારા પતિને આ બંને આરોપીઓએ શરીરના કયા ભાગે શું મારેલ હતુ તે યાદ છે. તેના જવાબમાં તેને જણાવેલ કે આ બંને આરોપીઓએ તેના પતિ સાથે ઝપાઝપી કરેલ હતી અને જે ત્રીજો  વ્યકિત હતો તેણે તેના પતિને લાકડાના જાડા દંડા વડે માર મારેલો અને આ બંને આરોપીઓએ તેના પતિને લાકડાના જાડા દંડા વડે માર મારેલ ન હતો. તેણીને પુછવામા આવેલ આ ત્રીજી વ્યકિતને જોયેથી કે નામથી ઓળખે છે ? ત્યારે તેના જવાબમાં જણાવવામા આવેલ છે કે તેણે તેના પતિને છોડાવવા ગયેલી હોય તેણે ત્રીજા વ્યકિતને જોયેલ ન હતા પરંતુ તે વખતે ત્રણ વ્યકિતઓ હતા. આ સાહેદને બહુ સ્પષ્ટરીતે પ્રશ્ન પુછવામાં આવેલ કે આ બંને આરોપીઓએ તેણીના પતિને પેટના ભાગે કોઈ માર મારેલો છે ? જેમા તેણે જણાવેલ છે કે બધા ભેગા હતા તેથી કોણે કયા મારેલ તે ચોકકસ કહી શકે નહી. વધુમાં બનાવ વખતે તેના સિવાય બીજુ કોણ કોણ હાજર હતુ તેના જવાબમાં તેણીએ જણાવેલ છે કે બનાવ વખતે તેમના સાસુ, દીયર તથા તેના બે બાળકો અને પતિ હાજર હતા. આ સાહેદે જણાવેલ છે કે,  તેના પતિનુ મૃત્યુ હોસ્પીટલમા થયેલ તેના પતિને કોઈ બીમારી ન હતી તેના પતિને જે માર મારવામાં આવેલ તેના કારણે તેને દવાખાનામાં દાખલ કરેલા અને તેને બે દિવસ ત્યાં રાખેલા અને તેને ઉલટીઓ શરુ થયેલ હતી અને ત્યારબાદ પેટમા દુખાવો થતા તેનુ મૃત્યુ થયેલ હતુ. બનાવ બાબતે તેને બીજુ કાંઈ કહેવુ છે તેવુ પુછવામા આવતા આ સિવાય બીજુ કાંઈ કહેવુ નથી તેમ જણાવેલ છે અને પોલીસે તેનો જવાબ ઈન્ટર પ્રિટરની હાજરીમાં લીધેલ હોવાનુ અને તેમા તેણીએ સહી કરેલ હોવાનુ કથન કરેલ છે. તેણીને મુદ્દામાલ આર્ટીકલ નં. ૮, ૧૧ વાળા લાકડાના દંડા બતાવવામાં આવતા તે પૈકી આર્ટીકલ નં.૮ વાળો દંડો ઓળખી બતાવેલ છે. તે મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ વાળો દંડો કયા આરોપીના હાથમાં હતો તે ખબર નથી તેવુ કથન કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષ ધ્વારા સાંકેતીક ભાષાના વિશિષ્ટ શીક્ષકશ્રીની હાજરીમાં સવાલ જવાબ રૂપે ઉલટ તપાસ પણ લેવામાં આવેલી છે. આ સાહેદે તેમને જણાવેલ છે કે, બુમાબુમ થતા તેને બહાર જોયેલ અને તરત બહાર ગયેલી ત્યારે તેના પતિ ઢોર બાંધવાનુ કોઢીયુ હતુ ત્યાં નીચે પડેલ હતા અને પેલા ત્રણ વ્યકિતઓ ત્યાં ઉભા હતા. વધુમાં દવાખાનામા તેમના પતિ થોડી ચા પીતા હતા અને તે વાતચીત કરી શકતા હતા તથા જે દિવસે તેમના પતિને દાખલ કરેલા હતા તેજ દિવસથી તેમના પેટમા દુખાવો હતો. વધુમાં આરોપીઓની એકઝી. મેજી.શ્રી રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નહી હોવાનુ અને કોર્ટમા પહેલીવાર આરોપીઓની ઓળખ કરાવવામા આવેલ હોવાનુ તેવુ કથન કરેલ છે. આ સાહેદની જુબાની નોંધ્યા બાદ તેમા નિષ્ણાંત શીક્ષકની સહી તથા આ સાહેદ પોતે સહી કરી શકતા હોય તેઓની સહી પણ લેવામાં આવેલી તેમજ જુબાની દરમ્યાન આ સાહેદની અમુક શબ્દો પોતે લખી શકતા હોય તે લખવા માટે કાગળ આપવામાં આવેલો અને તેમા તેઓએ જે લખાણ કરેલ તે તેમજ સાંકેતીક ભાષામાં શીક્ષક ધ્વારા જે હકીકતો ચીત્રો ધ્વારા અને લખાણ ધ્વારા આ સાહેદને સમજાવવામાં આવેલ તે કાગળ પણ જુબાની સાથે આંક–૫૩ થી રજુ રાખવામાં આવેલ છે.

આમ, આ મહત્વના સાહેદનો પુરાવો જોવામાં આવે તો બનાવ સમયે આ કામના બંને આરોપી તથા ત્રીજા વ્યકિત આવેલ હતા અને બોલા ચાલી તકરાર અને ઝપાઝપી થયેલ હોવાનુ જણાવેલ છે તેણીએ આરોપીના હાથમાં જે લાકડુ હતુ તે પણ ઓળખી બતાવેલ છે પરંતુ સાથો સાથ આ સાહેદની જુબાની ધ્વારા એ હકીકત આવેલ છે કે આ કામના બંને આરોપીઓએ ગુજરનારને મુદ્દામાલ લાકડા વડે કોઈ માર મારેલ નથી અને જે મારનાર હતા તે ત્રીજા આરોપી હતા. વધુમાં ઉલટ તપાસમાં એવી હકીકત આવેલ છે કે, આ સાહેદે બુમાબુમ થતાં જયારે બહાર આવીને જોયુ ત્યારે તેણીના પતિ ઢોર બાંધવાના કોઢીયામા નીચે પડેલ હતા અને બંને આરોપી અને ત્રીજા વ્યકિત ત્યાં ઉભા હતા ત્યારે તેણીના પુરાવા ઉપરથી આરોપીઓ સામેના આક્ષેપ અને ગુનાની હકીકતને સમર્થન થાય તેવી હકીકત આવેલ નથી.

૨૮. ત્યારબાદ આ કામમાં **આંક–૫૬ થી સાહેદ નં.૧૬ કાંતીભાઈ સબુરભાઈ બારીયા, આંક–૫૭ થી સાહેદ નં.૧૭ લીલાબેન કાંતીભાઈ બારીયા અને આંક–૫૮ સાહેદ નં.૧૮ સંગીતાબેન કાંતીભાઈ બારીયા** નાઓને તપાસેલા છે. ફરીયાદપક્ષના કેસ મુજબ જે બનાવ બનવા પામેલ છે તે સાહેદ નં.૧૮ સંગીતાબેનના કારણે ઉદભવેલ છે. સદર સંગીતાબેનને તેણીના પિતા કાંતીભાઈ સબુરભાઈ બારીયાના ફોન ઉપર કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપી ધ્વારા ફોન ઉપર હેરાનગતી કરવામાં આવતી હોય અને તે કારણસર સમગ્ર બનાવ ઉદભવેલ છે. સદર આરોપી સાહેદ કાંતીભાઈ સબુરભાઈ બારીયાનો ફોન ઉપાડતા ના હોય તેથી સદર સાહેદ કાંતીભાઈએ ગુજરનારના મોબાઈલ ઉપરથી આરોપી સાથે વાત કરેલ હોવાનુ અને તે કારણસર આરોપીઓએ ગુજરનાર સાથે અદાવત રાખી બનાવ ઉત્પન્ન થયેલાનો ફરીયાદ પક્ષનો કેસ છે. આ સંદર્ભે સાહેદ કાંતીભાઈએ તેઓની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ વખતે તેઓ બહાર ગામ લગ્નમાં ગયેલા હતા અને તેઓની પત્ની લીલાબેનનો ફોન આવેલો અને જણાવેલ કે જે મોબાઈલ પરથી તેને ફોન કરુ છુ તેનો નંબર આવે છે પણ કોઈ ઉપાડતુ નથી.વધુમાં બનાવ અંગેની જાણ તેમને તેમના સાળા રમેશભાઈ એટલે કે ગુજરનારે કરેલ હતી અને રમેશભાઈએ કહેલ કે તેને એક નંબર આપ્યો છે તે નંબર ઉપર ગાળાગાળી થઈ છે પછી ઝઘડો કોની સાથે થયેલ અને શું થયેલ તે અંગે કોઈ માહીતી નથી અને વાતોવાતથી જાણેલ તેમના સાઢુભાઈ ગુજરી ગયેલા છે અને તેઓને ઝઘડામાં માથામાં વાગેલુ હોય અને દવાખાનામાં ગુજરી ગયેલ અને તેમની માતા શારદાબેને વેજલપુર પો.સ્ટે.માં ફરીયાદ આપેલી છે. આ સિવાય આ સાહેદે અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. આ રીતે જ સાહેદ લીલાબેન કાંતીભાઈ બારીયા અને સાહેદ સંગીતાબેન કાંતીભાઈ બારીયા નાએ પણ તેમની સરતપાસમાં તેજ હકીકત જણાવેલ છે. આમ આ ત્રણેય સાહેદો ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ રીતે મદદરૂપ થતાં ના હોય જેથી તેઓ ત્રણેયને ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતા ઉલટમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હોવા છતાં સદર સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકત અને આરોપીઓના આક્ષેપ પુરવાર થાય તેવી હકીકતને સમર્થન કરેલ નથી.

૨૯. ત્યારબાદ આ કામમાં **આંક–૬૨ થી સાહેદ નં.૧૯ તરીકે ગુનાની ત.ક.અ.શ્રી રાજેન્દ્રસિંહ રઘુવીરસિંહ ગોહીલને** તપાસેલ છે. જેઓ તેમની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૮/૫/૨૩ ના રોજ તેઓ વેજલપુર પો.સ્ટે.માં હાજર હતા. તે વખતે શારદાબેન દીનેશભાઈ મેવલ નાઓએ તેમની સમક્ષ ફરીયાદ આપેલી હતી. જે ફરીયાદ તેઓએ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલી અને સદર તપાસ કરનાર અધિકારીએ ફરીયાદીની જે ફરીયાદ લખાવેલ તે શબ્દ સહ જણાવેલ છે અને વધુમા જણાવેલ છે કે તે ફરીયાદ તેઓએ ફરીયાદીની વાંચી સભળાવેલી જે તેમના લખાવ્યા મુજબની બરાબર અને ખરી હોય અને ફરીયાદ અભણ હોય તેને તેમના જમણા હાથનાં અંગુઠાનુ નિશાન કરેલ અને રૂબરૂમા તેઓએ તેમની સહી કરેલી. સદર સાહેદે આંક–૪૨ વાળી ફરીયાદમાં ફરીયાદીના અંગુઠાનુ નિશાન અને રૂબરૂમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદ લીધા બાદ તે ફરીયાદ તેમના પો.સ્ટે.માં એ પાર્ટ ગુ.ર.નં.૨૩૬/૨૩ થી ઈ.પી.કો.ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ રજીસ્ટર કરી આગળની તપાસ તેઓએ સંભાળી લીધેલી. તપાસ સંભાળ્યા બાદ તેઓએ ઉપલા અધિકારીને ભારે ગુનાનો રીપોર્ટ કરેલ, એફ.એસ.એલ.અધિકારીને સ્થળ ઉપર મોકલવા માટે કંટ્રોલરૂમમા જાણ કરેલ, મરણજનારનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવા સબ ડીવીઝનલ મેજી.શ્રી.ગોધરાને યાદી કરેલ, ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ, ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મરણજનાર કપડા કબજે કર્યાનું પંચનામુ કરેલ, ત્યારબાદ આરોપીઓ મળી આવતા તેઓને અટક કરેલ અને તેઓએ રજુ કરેલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરેલુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. વધુમાં જણાવેલ છે કે, ગુનાની તપાસ કરતા યુવરાજ ઉર્ફે ભયો અશ્વીનભાઈ સોલંકી નાઓ બનાવ વખતે સ્થળ ઉપર હાજર ન હોવાનુ અને તે હાલોલ એલ.એમ.વીન્ડ કંપની ખાતે હાજર હોવાના સી.સી.ટી.વી.ફુટેજ તથા અન્ય જરૂરી પુરાવાઓ મળી આવેલા જેથી તેને અટક કરેલ નહી. જયારે આરોપી સંકેત ઉર્ફે શંકર અશ્વીનભાઈ સોલંકી નાઓને પણ શરીર ઈજાઓ હતી તેની સારવાર માટે વડોદરા ખાતે હોય જેથી એસ.એસ. જી.હોસ્પીટલ જઈ તેનુ સારવાર સર્ટી. મેળવેલ.

જયારે આ કામના આરોપીઓને સદર ગુનાના કામે અનુક્રમે તા.૧૧/૫/૨૦૨૩ તથા તા.૧૨/૫/૨૦૨૩ ના રોજ અટક કરી તેઓના કપડા, બ્લડ સેમ્પલ તથા ગુનાના કામે વાપરેલ હથીયાર કબજે કરી મુદ્દત અંદર કોર્ટ સમક્ષ રજુ કરેલા. ત્યારબાદ તેઓની બદલી ભરૂચ જીલ્લા ખાતે થતાં તેઓએ ઉપરોકત ગુનાની તપાસ પી.એસ.આઈ.શ્રી. એસ.એલ.કામોલ નાઓને સોપેલી જેઓએ તપાસના અંતે આરોપી યુવરાજ ઉર્ફે ભયો અશ્વીનભાઈ સોલંકી વિરૂઘ્ધ પુરાવાઓ ના હોય સમરી ભરેલ તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપીને જયુવેનાઈલ કોર્ટમાં રજુ કરેલ અને તેઓની વિરૂઘ્ધ અલગથી વર્તણુંક અહેવાલ ભરેલ. જયારે બાકીના બંને આરોપીઓ વિરૂઘ્ધ કોર્ટમા ચાર્જશીટ કરેલ. સદર સાહેદે આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૧૮ બતાવવામાં આવતા તે તેઓએ તપાસના કામે કબજે કરેલ હતા તેજ હોવાનુ કથન કરેલ છે. વધુમાં સદર સાહેદે સુચીપત્ર, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપીનુ સારવાર સર્ટી., એફ.એસ.એલ.વડોદરાની પહોંચ, મુદ્દામાલ રવાનગી પત્ર, સાયન્ટીક ઓફીસર નાઓએ સ્થળ ઉપર આપેલ પરીક્ષણ અહેવાલ, ગુનાવાળી જગ્યાનો નકશા બાબતે એકઝી.મેજી.શ્રી.ગોધરા નાઓને લખેલ યાદી, ગુનાવાળી જગ્યાનો નકશો, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૩૭(૧) અન્વયેની જાહેરનામાની નકલ, ભારે ગુનાનો સ્પેશટલ રીપોર્ટ, એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પર પધારવા કરેલ મેસેજ, એકઝી. મેજી.શ્રીને ઈન્કવેસ્ટ ભરવા કરેલ મેસેજ, મરણોત્તર તપાસનુ ફોર્મ, લાશ સોપ્યાની પહોંચ, લાશ સોપ્યાની પાવતી, કોલ ડીટેઈલ મેળવવા નોડલ ઓફીસરને લખેલ યાદીઓ, પ્રિ ન્સીપાલશ્રી બહેરા મુંગા શાળા, ગોધરા નાઓને મુકબધીર સાક્ષીનું નિવેદન લેવા કરેલ યાદી, મેડીકલ ઓફીસરને સારવાર સર્ટી. આપવા માટે લખેલ યાદી, એકઝી. મેજી.શ્રી ગોધરાને ગુનાવાળી જગ્યાના નકશો બનાવી મોકલી આપવા માટે લખેલ યાદી, મેડીકલ ઓફીસર નાઓને પી.એમ. નોટ આપવા માટે લખેલ યાદી, મેડીકલ ઓફીસર એસ.એસ.જી. હોસ્પીટલ વડોદરાને તપાસના કામે જરૂરી માહીતી આપવા લખેલ યાદી, તથા સારવાર સર્ટી. આપવા માટે લખેલ યાદી, એકઝી.મેજી.શ્રી વડોદરાને ડી.ડી. લેવા માટે લખેલ યાદી, તથા

એફ.એસ.એલ. વડોદરાનો પરીક્ષણ બાબતનો પત્ર તથા બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ વીગેરે દસ્તાવેજો તેઓએ તપાસના કામે મેળવેલ હોવાનુ અને સંબંધીત અધિકારી ઓને તેમની સહીથી લખેલ મોકલેલ હોવાનુ કથન કરી અનુક્રમે આંક–૬૩ થી ૮૭ સુધી રજુ થયેલ છે. વધુમાં તેઓએ તપાસ દરમ્યાન સાહેદ કીરીટભાઈ દીનેશભાઈ મેવલ, સાહેદ બીપીન ભાઈ વિક્રમભાઈ મેવલ, સાહેદ નરવતસિંહ વખતસિંહ મેવલ, સાહેદ ભારતસિંહ વખતસિંહ મેવલ, સાહેદ કાંતીભાઈ સબુરભાઈ બારીયા, સાહેદ  લીલાબેન કાંતીભાઈ બારીયા, અને સાહેદ સંગીતાબેન કાંતીભાઈ બારીયા નાઓના નિવેદન લીધેલ હોવાનુ અને તે સાહેદોના મૌખીક પુરાવા દરમ્યાન જે હકીકતો તેઓએ ઓમીટ કરેલ હતી તે હકીકત આ સાહેદોની સરતપાસ દરમ્યાન ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર લેવડાવેલ છે. વધુમાં તેઓએ પંચોના રૂબરૂ પંચનામુ કરેલ હોવાનુ તથા ફરીયાદીની ફરીયાદ તેમના લખાવ્યા મુજબ અને સાહેદોના નિવેદન તેઓના લખાવ્યા મુજબ લીધેલ હોવાનુ જણાવી અને આરોપીઓ વિરૂધ્ધ અનુગામી પી.એસ.આઈ.શ્રી. એસ.એલ.કામોલનાએ ચાર્જશીટ કરેલ હોવાનુ કથન કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષે જે ઉલટ તપાસ લીધેલ છે તે જોવામાં આવે તો તેઓએ એ હહીકત કબુલ કરેલ છે કે, ગુજરનાર સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે સારવાર હેઠળ હતા તેની જાણ તે ગુજરી ગયા બાદ થયેલી, ગુજરનાર સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે સારવાર હેઠળ હતા તે વખતે તેની તબીયત સારી હતી અને ખાતાપીતા હતા તે હકીકતની તેઓને જાણ થયેલી, વધુમાં  સીવીલ હોસ્પીટલ ગોધરા તરફથી ગુજરનાર ત્યાં સારવાર હેઠળ હોય અને તેમની સારવાર ચાલુ હતી અને તેઓને કોઈ ઈજા કરી હોય તેવી જાણ તેઓને કરવામાં આવેલ નહી હોવાનુ કબુલ કરેલ છે. વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, કોઈ વ્યકિતને ઈજા કરવામાં આવેલ હોય અને તે સારવાર હેઠળ હોય તો જે તે હોસ્પીટલના જવાબદાર અધિકારીએ મેડીકો લીગલ કેસ બનતો હોય પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની હોય છે.  આ સાહેદે વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ગુજરનાર સીવીલ હોસ્પીટલ ગોધરામાં દાખલ થતી વખતે તેના કેસ પેપર્સ કઢાવેલા અને ગુજરનાર જીવીત હતા ત્યાં સુધી સીવીલ હોસ્પીટલ ગોધરાના સારવારના કાગળો તેઓ યાદી

કરવા છતાં કોઈને આપવામા આવેલા નહી. વધુમાં સીવીલ હોસ્પીટલ ગોધરા તરફથી મરનારે કે તેમના સગા વ્હાલાઓએ ગુજરનાર ઉપર હુમલો કરેલો હોય ઈજા પહોંચાડેલ હોય તે અંગેની કોઈ હીસ્ટ્રી આપેલ હોય તેવા કોઈ કાગળો તેમને સીવીલ હોસ્પીટલ ગોધરા તરફથી આપવામાં આવેલ નથી કે તપાસના કામે તેવા કોઈ કાગળો તેમને રજુ કરેલા નથી એ હકીકત કબુલ કરેલ છે. જયારે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**૩૦.** આમ, ઉપરોકત વિગતે તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદ તેઓએ નોધેલ છે. ત્યાર પછીની તપાસ પણ તેઓએ કરેલ છે. પરંતુ, ફરીયાદી કે મહત્વના સાહેદોએ આરોપીઓ સામેનો કોઈ પણ આક્ષેપ પુરવાર થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. ત્યારે આ સાહેદની સરતપાસમાં તેઓએ ફરીયાદની હકીકત તેમજ સાહેદોના નિવેદનમા જણાવેલ હકીકત જણાવેલ હોવા છતાં તે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેમ નથી કારણ કે જયાં સુધી તે ફરીયાદ આપનાર એટલે કે તેના ઓથર અને તેવુ નિવેદન આપનાર સાહેદ કોર્ટ સમક્ષ સોગંદપરની જુબાનીમાં તેવી હકીકત જણાવે નહી ત્યાં સુધી તેવી હકીકત તપાસ કરનાર અધિકારીએ ઓબીશન રૂપે સરતપાસમા જણાવેલ હોવાથી તે પુરવાર થયેલાનુ માની શકાય નહી. આમ, સમગ્ર પુરાવો તેમજ મેડીકલ એવીડન્સ એકી સાથે જોવામાં આવે તો આ કામના આરોપીઓએ બનાવના દિવસે ગુજરનારને ઘરે જઈ ગુજરનારને લાકડાના દંડા વડે પેટના ભાગે ઈજાઓ પહોંચાડેલ હોય અને તેથી ગુજરનારનુ સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર માટે લાવવામા આવેલ હોય અને ત્યાં તેઓને આરોપીઓ ધ્વારા જે ઈજાઓ પહોંચાડેલ હોય અને તે ઈજાઓના કારણસર મૃત્યુ નિપજેલ હોય તેવી કોઈ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. તે સંજોગોમાં ગુજરનારને આ કામના આરોપીઓએ ઈજાઓ પહોંચાડી અને તે ઈજાઓ કુદરતના ક્રમ અનુસાર મૃત્યુ નિપજાવવા માટે પ્રયાપ્ત હતી અને તેથી જ ગુજરનારનુ મૃત્યુ થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ સદંતર રીતે નિષ્ફળ નિવડેલ છે.

**૩૧.** હવે આ કામમાં ફરી કાયદાકીય મુદ્દા આધારે ચર્ચા કરવામાં આવે તો આરોપીઓ સામે જે મુદ્દા નં.ર માં ઈ.પી.કો.ના ગુનાઓની જુદી જુદી જોગવાઈઓનો આક્ષેપ છે તે ગુના સંદર્ભેના આવશયક તત્વો અત્રે નોધવા જરૂરી છે જે નીચે મુજબ છે.

- **ઈ.પી.કો.ની કલમ–૫૦૪ ના તત્વો :–**

આ સંદર્ભે ઈ.પી.કો.ની કલમ–૫૦૪ નાં ગુના સંદર્ભે જે આવશયક તત્વો છે તે જોવામાં આવે તો ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવાની થાય છે કે,

– આરોપીઓએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનુ અપમાન કર્યુ,

– તેમ કરીને આરોપીઓ અન્ય સાહેદને ઉશ્કેરવા માંગતા હતા,

– આરોપીઓ જાણતા હતા કે તેમ થવાથી કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતીનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

ફરીયાદપક્ષ તરફેથી આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૫૦૪નો આક્ષેપ પુરવાર કરવા માટે ઉપરોકત તત્વો કોઈ પણ રીતે પુરવાર કરેલ નથી. આ સંદર્ભે **નામદાર કર્ણાટક હાઈકોર્ટ સમક્ષ Sugurappa @ Sugurayya Swami Vs. State of Karnataka 2023 J.C. (Karnataka) 3754** ચુકાદો જોવામાં આવે તો તેમા એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ–૫૦૪ હેઠળના ગુના માટેનુ એક તત્વ એવુ છે કે આરોપીના જે કૃત્યથી વ્યકિતનુ ઈરાદાપુર્વક અપમાન થતુ હોય તે જરૂરી છે અને માત્ર ગાળો આપેલ હોય તેટલા માત્ર કારણથી આરોપીને કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં એ જરૂરી નથી કે જે શબ્દો ઉચ્ચારેલ હોય અથવા જે ભાષાનો પ્રયોગ કરેલ હોય તે ફરીયાદમા જણાવવા જોઈએ કારણ કે ફરીયાદ પુરેપુરી એકી સાથે વાંચવાની હોય છે અને તે જોતા પ્રથમ દર્શનીય એવુ જણાય કે આરોપીઓએ ઈરાદાપુર્વકનુ અપમાન કરેલ છે અને તેના કારણે સામેની વ્યકિત ઉશ્કેરાઈ હોય અને તેના કારણે જાહેર સુલેહ શાંતીનો ભંગ થઈ શકે અથવા કોઈ ગુનો થઈ શકે એવુ જણાતુ હોય તો તે કૃત્ય કલમ–૫૦૪ હેઠળ આવી જાય છે. આમ, હાલના કેસમાં કરેલ ચર્ચા મુજબ કલમ–૫૦૪ મુજબના ગુનાના કોઈ પણ તત્વો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૩૧.૨.** આરોપીઓ સામે ગુજરનારનુ ખુન કરેલ તે કૃત્યમા આરોપીઓએ એક બીજાની મદદગારી કરેલ હોય તેથી ઈ.પી.કો.ની કલમ–૧૧૪ મુજબનુ તહોમત પણ મુકવામા આવેલ છે. તે કલમના તત્વો નીચે મુજબ છે.

◆ **ઈ.પી.કો.ની કલમ–૧૧૪ :–**

ત્યારબાદ આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૧૧૪ મુજબનુ પણ તહોમત છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો ઈ.પી.કો.ની કલમ–૧૦૭ માં મદદગારી (એબેટમેન્ટ) ની જોગવાઈ કરેલ છે. જેમા ત્રણ કલોઝ છે. તેમા પ્રથમ કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે અથવા બીજુ કોઈ બાબત કરવા માટે એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ થાય અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનુની રીતે રાખવામાં આવે અથવા ત્રીજુ કોઈ બાબત કરીને અથવા કરવાનું ગેરકાનુની રીતે ટોળાને કોઈ બાબત કરવામાં ઈરાદાપુર્વક સહાય કરે તો તે બાબતમાં મદદગારી કરેલ છે તેવુ કહી શકાય.

આરોપીઓ સામે જયારે મુખ્ય તહોમત એટલે કે ખુન અને તે કૃત્ય કરવા માટેની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય ત્યારે આરોપીઓએ તે ગુનો કરવા માટે એકબીજાની મદદગારી કરવાની હકીકત આપોઆપ પુરવાર થતી નથી.

**૩૧.૩.** આરોપીઓ સામે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમત પણ મુકવામા આવેલ છે.

● **ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ :–**

હવે આ કામમાં આરોપીઓ સામે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું પણ તહોમત છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો જયારે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા કોઈ પ્રતિબંધીત હુકમ અથવા તો નોટીફીકેશન ધ્વારા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭, ૩૮, કે ૩૯ અન્વયે કોઈ આદેશ કે જાહેરનામું બહાર પાડેલ હોય અને તેનો ભંગ કરવામાં આવે તો કલમ–૧૩૫ મુજબ સજાપાત્ર ગુનો બને છે તે સંદર્ભે આદેશ કે જાહેરનામું સાબિત કરવાની જોગવાઈ કલમ–૧૫૫ માં કરેલ છે તે મુજબ ગેજેટની કોપી રજુ થયેથી તે હકીકત માનવાની રહે છે. હાલના કેસમાં

ફરીયાદપક્ષ તરફેથી ત.ક.અ.શ્રી.એ આંક–૭૦ થી જાહેરનામાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તે જોવામાં આવે તો તા.ર/૪/૨૦૦૫ ના રોજ જીલ્લા મેજી.શ્રી. ધ્વારા કલમ–૩૭(૧) અન્વયે બહાર પાડેલ જાહેરનામાની નકલ હોવાનુ જણાઈ આવે છે પરંતુ જી.પી.એકટની કલમ –૧૫૫ મા કરેલ જોગવાઈ જોવામાં આવે તો તેવા જાહેરનામાની ઝેરોક્ષ કોપી રજુ થયેથી જાહેરનામુ અમલમાં હોવાનુ પુરવાર થયેલ હોવાનુ ગણવાનુ રહેશે. હાલના કેસમા સદરહુ આંક–૭૦ નો દસ્તવેજ રજુ થયેલ છે તે ગેઝેટની કોપી નથી તે સંજોગોમાં આંક–૭૦ ના દસ્તાવેજ આધારે કલમ–૧૫૫ ની જોગવાઈ મુજબ તે જાહેરનામુ પુરવાર કરવામાં આવેલ નથી.વિશેષમાં આ કામના આરોપીઓએ મુદ્દામાલ લાકડાનો ઉપયોગ હથીયાર તરીકે કરેલ હોવાની હકીકત પણ પુરવાર થતી નથી તે સંજોગોમાં પણ હકીકત અને કાયદાકીય દષ્ટ્રીએ જી.પી.એકટની કલમ–૧૩૫ ના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરી શકેલ ન હોય તેમજ જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે આધારે ફરીયાદપક્ષનો કેસ આરોપીઓની તરફેણમાં જતો હોય જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય '**હકારમાં**' તથા મુદ્દા નં.ર,૩ નો નિર્ણય '**નકારમાં**' આપી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

૧. આ કામના આરોપી **નં.૧. અશ્વીનભાઈ ઉર્ફે ભગો ભારતભાઈ સોલંકી, નં.ર જયદિપસિંહ જશવંતસિંહ રાઠોડ,** બંને રહેવાસી રાયસીંગ ફળીયુ, બળીયા દેવ ફળીયુ, ગોધરા, પંચમહાલ નાઓને ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ–૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબના ગુના સંદર્ભે ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) ની જોગવાઈ વંચાણે લેતા આરોપીઓને **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. હાલના આરોપીઓ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને અન્ય ગુના કામે જરૂર ન હોય તો તેઓને તાત્કાલીક જેલ મુકત કરવા અંગે જેલરશ્રીને ચાદી કરવી.

૩. વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે પ્રત્યેક આરોપીએ જે તે અદાલત સમક્ષ હુકમની સામે અપીલના કામે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

૪. આ કામમાં મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ માટી, લાકડાનો ટુકડો, કપડા, લાકડાનો હાથો આર્ટીકલો અપીલ સમય પુરો થયેથી અને જો અપીલ થયેલ હોય તો તેના આખરી નિકાલને આધીન કાયદાકીય જોગવાઈ તથા ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૫ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજી.શ્રી, પંચમહાલ, ગોધરાને ઈ–મેઈલથી અથવા ચાદીથી મોકલી આપવી.

હુકમ આજ તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૧૧/૨૦૨૪
ગોધરા.

**(પરવેઝએહમદ અલીમોહંમદ માલવીચા)**
પાંચમાં એડીશનલ સેશન્સ જજ,
પંચમહાલ,ગોધરા.
**કોડ નં.જીજે.૦૦૮૩૭**

*Chimaji.